# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૦૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ સુદ ૧૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 06 • Dt.06-08-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

મહિલા ઈન્ફ્લુઅન્સર વિશે અપશબ્દો બોલનારા કોમેડિયનને કુશા કપિલાએ ઝાટક્યો



P.07

અનન્યાની સાઈફાઈ કોમેડીને છૂમંતર ટાઈટલ અપાયું

અમેરિકાના ટુરિસ્ટ વિઝાની અરજી સાથે ૧૫,૦૦૦ ડોલરના બોન્ડ આપવા પડશે 07



06 AUGUST- 2025 WEDNESDAY



07 ચીને સૂર્યપ્રકાશમાંથી કેરોસીન બનાવ્યું જર્મનીએ હવામાંથી રણમાં પાણી બનાવ્યું

મંડળીઓને ૧૦ ટકા ડિવિડન્ડ પણ અપાશે

## પશુપાલકોને ચાફકટર, પશુ ઘોડી, કુલિંગ ફુવારા વગેરેમાં મળતી સબસીડી ૩૦ ટકાથી વધારીને ૪૦ ટકા કરાઈ

# મહેસાણા દૂધસાગર ડેરીના પશુપાલકોને ઐતિહાસિક ૪૩૭ કરોડ ભાવફેર મળશે

### દૂધ ઉત્પાદકોના વીમાની રકમ મૃત્યુના કેસમાં રૂ. ૨ લાખ રૂપિયાથી વધારીને રૂ.૪ લાખ કરાઈ । સાડા ચાર વર્ષમાં ડેરીમાં જરૂરી મિલકતો વસાવી, દૂધના ભાવ અને સારો વધારો આપ્યો છે છતાં બેલેન્સ શીટ તંદુરસ્ત બની

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૫ ।

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (દૂધસાગર ડેરી)ની સોમવારે યોજાયેલી વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન અશોકભાઈ ચૌધરીએ દૂધ ઉત્પાદકોને વર્ષાંતે મળતા દૂધના ભાવફેરની રકમ ઐતિહાસિક રૂ.૪૩૭ કરોડ જાહેર કરી હતી. જે સાથે દૂધ મંડળીઓને ૧૦ ટકા શેર ડિવિડન્ડની જાહેરાત પણ કરી હતી. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (દૂધસાગર ડેરી)ની સોમવારે મળેલી વાર્ષિક સાધારણમાં જાહેરાત કરાઈ હતી કે પશુપાલકોને ચાફકટર, પશુ ઘોડી, કુલિંગ ફુવારા વગેરેમાં મળતી સબસીડી ૩૦ ટકાથી વધારીને ૪૦ ટકા કરાઈ છે. તો દૂધ ઉત્પાદકોના વીમાની રકમ મૃત્યુના કેસમાં રૂ. ૨ લાખ રૂપિયાથી વધારીને રૂ.૪ લાખ કરાઈ છે. ચેરમેને વધુમાં જણાવ્યું કે, સાડા ચાર વર્ષમાં ડેરીમાં જરૂરી મિલકતો વસાવી, દૂધના ભાવ અને સારો વધારો આપ્યો છે છતાં બેલેન્સ શીટ તંદુરસ્ત બની છે. વિવિધ નિર્ણયોથી પશુપાલકોને થયેલા ફાયદા અંગે વાત કરીને તેમણે ૬૪ વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ ટર્નઓવર રૂ.૮૦૫૪ કરોડ, સૌથી વધુ દૂધ સંપાદન ૧૨૭.૩૩ કરોડ, સૌથી વધુ ભાવ રૂ.૮૩૦ કરોડ સહિત નવા કીર્તિમાનની વાત કરી સાચા અર્થમાં ડેરીનું નવસર્જન થયું હોવાનું કહ્યું હતું. ચેરમેને વધુમાં જણાવ્યું કે, સાડા ચાર વર્ષમાં ડેરીમાં જરૂરી મિલકતો વસાવી, દૂધના ભાવ અને સારો વધારો આપ્યો છે છતાં બેલેન્સ શીટ તંદુરસ્ત બની છે.




વિવિધ નિર્ણયોથી પશુપાલકોને થયેલા ફાયદા અંગે વાત કરીને તેમણે ૬૪ વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ ટર્નઓવર રૂ.૮૦૫૪ કરોડ, સૌથી વધુ દૂધ સંપાદન ૧૨૭.૩૩ કરોડ, સૌથી વધુ ભાવ રૂ.૮૩૦ કરોડ સહિત નવા કીર્તિમાનની વાત કરી સાચા અર્થમાં ડેરીનું નવસર્જન થયું હોવાનું કહ્યું હતું.

### ૬ કરોડ મેટ્રિક ટનના ઉત્પાદન સાથે ચીન બીજા ક્રમે

# ગુજરાતમાં ૧૦ વર્ષમાં બટાટાનું ઉત્પાદન ૧૨ લાખ મેટ્રિક ટન વધ્યું પણ ખેડૂતો ઠેરના ઠેર । કંપનીઓના કારણે નથી મળતો ભાવ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

ગુજરાતમાં બટાટાનાં ઉત્પાદનમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૧૨૩૯૭૬૯ મેટ્રિક ટનનો વધારો જોવા મળ્યો છે. પરંતુ તેની સામે યોગ્ય ભાવ ન મળતા ખેડૂતો ઠેરના ઠેર રહ્યા છે. ખેડૂતો તેનું મૂળ કારણ કોન્ટ્રાકટ ફાર્મિંગ હોવાનું જણાવી રહ્યા છે. કારણકે, કોન્ટ્રાકટ ફાર્મિંગના વાવેતર તથા ઉત્પાદનમાં મોટો ઉછાળો નોંધાયો છે અને ઉત્પાદન વધતા ભાવમાં ઘટાડો થવાથી ખેડૂતો પીસાઈ રહ્યા છે.વિશ્વમાં બટાટાનું વાર્ષિક ઉત્પાદન ૩૮.૩ કરોડ મેટ્રિક ટન છે. ભારત ૬ કરોડ મેટ્રિક ટનના ઉત્પાદન સાથે ચીન પછી બીજા ક્રમે છે. ભારતમાં ગુજરાતનું પ્રોડકશન નોંધપાત્ર છે. ગયા વર્ષે ગુજરાતે ૪૮ લાખ મેટ્રિક ટન ઉત્પાદન કર્યું હતું, તેની સામે ખેડૂતોને યોગ્ય ભાવ ન મળતા તેમની હાલત કફોડી બની છે. ગત વર્ષે બટાટાના ૨૦ કિલોના ૨૩૦થી ૨૫૦નો ભાવ ખેડૂતોને મળ્યો હતો. તેની સામે આ વર્ષે ફક્ત ૧૨૦થી ૧૪૦ જેટલો જ ભાવ મળી રહ્યો છે. ખેડૂતો જ્યારે વાવેતર કરે ત્યારે તેને વિશે ૪૦,૦૦૦ થી ૪૫,૦૦૦ હજારનો ખર્ચ થાય છે. તેની સામે ઉત્પાદન ૩૦,૦૦૦થી ૩૫,૦૦૦ હજારનું મળે છે. બીજી બાજુ દર વર્ષે કોલ્ડ સ્ટોરેજના ભાડામાં વધારો થયા કરે છે. ગત વર્ષે પ્રતિ કિલોએ આઠ માસનું ભાડુ ૨.૬૦ રૂપિયા હતું, ત્યારે આ વર્ષે ૨.૭૦ રૂપિયા ભાડુ કરવામાં આવ્યું છે. વધતા જતાં ભાડાના કારણે ખેડૂત કોલ્ડ સ્ટોરેજમાં બટાટા સંગ્રહ કરી શકતો નથી તેની સામે ઉત્પાદનમાં મોટા વધારાને કારણે ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કંપની દ્વારા બટાટા છૂટક માર્કેટમાં ઠાલવવામાં આવી રહ્યા છે. જેના કારણે ભાવમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. જો કંપનીઓ છૂટક માર્કેટમાં પોતાના બટાટા વેચવાનું બંધ કરે તો ભાવમાં સુધારો આવી શકે છે.







### વર્ષ ૨૦૧૯માં પશુ ગણતરી કરવામાં આવી હતી ત્યારે ૧૧ તાલુકામાં ૨૪,૬૭૫ ખૂંટિયા નોંધાયા

# રાજકોટ જિલ્લામાં ૭૦,૦૦૦ જેટલા ખૂંખાર ખૂંટિયા 'ન ઘરના ન ઘાટના' !

### દર વર્ષે ૧૦૦થી વધુ અકસ્માતો માટે નિમિત બનતા | ૨૪૦થી વધુ લોકોને શિંગડે ભરાવીને મોત કે ઈજા

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૫ |

હાલ શ્રાવણ મહિનામાં ભગવાન શિવજીની આરાધનામાં ભક્તજનો ઓતપ્રોત છે, પણ તેમના નંદીની અવદશા તરફ કોઈનું ધ્યાન જતું નથી. માત્ર રાજકોટ જિલ્લાની વાત કરીએ તો ૭૦,૦૦૦થી વધુ ખૂંખાર ખૂંટિયાની 'ન ઘરના ન ઘાટના' જેવી હાલત છે. દર વર્ષે ૧૦૦થી વધુ અકસ્માતો માટે નિમિત બનતા, ૨૪૦થી વધુ લોકોને શિંગડે ભરાવીને મોત કે ઈજા કરતા આખલાને સાચવવા સરકારથી માંડીને ગ્રામ પંચાયત સુધી જવાબદારીની ફેંકાફેંક થઈ રહી છે. રાજકોટ જિલ્લા પંચાયતનાં આંકડા પ્રમાણે, વર્ષ ૨૦૧૯માં પશુ ગણતરી કરવામાં આવી હતી ત્યારે ૧૧ તાલુકામાં ૨૪,૬૭૫ ખૂંટિયા નોંધાયા હતા. જે સંખ્યા આજે ૭૦,૦૦ સુધી પહોંચી ગઈ હોવાનો અંદાજ લગાવીને નાયબ પશુપાલન નિયામકને રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે, આજે રાજકોટ જિલ્લાનાં ૫૯૮ ગામડાં છે, એ દરેકમાં ૨૫થી લઈને ૭૫ જેટલા ખૂંખાર ખૂંટિયા દિવસ-રાત નધણિયાતા ખૂલ્લા ફરી રહ્યા છે. આ આખલા રાત્રે ખેડૂતોના ખેતરોમાં ત્રાટકે છે અને ઉભા પાકનો સોંથ વાળી દે છે. જ્યારે દિવસે જાહેર માર્ગો, બજારો, શેરી-મહોલ્લામાં અડિંગો જમાવીને અકસ્માત સર્જવા કે રાહદારીઓને ઢીંકે



ચડાવવા જેવા જેવો આતંક મચાવે છે. આ બાબતે વહેલીતકે યોગ્ય નિરાકરણ લાવવું જરૂરી છે. કારણ કે, સરકારથી માંડીને ગ્રામ પંચાયતો આજે આખલાને સાચવવાની જવાબદારીની ફેંકાફેંક કરી રહી છે.ગૌશાળા સંચાલકોની ફરિયાદ છે કે, પશુદીઠ સરકાર દ્વારા ફક્ત રૂા. ૩૦ આપવામાં આવે છે એ અપુરતા છે. આજે ઘાસચારા સહિતના પશુઆહારના ભાવ ખૂબ વધી ગયા છે. એમાં પણ ખૂંટિયાને સાચવવા ખૂબ અઘરા પડે છે. પશુ નિભાવ સહાયનું ચુકવણું પણ ખૂબ અનિયમિત છે. સરકાર માત્ર સહાય યોજના જાહેર કરીને જવાબદારીમાંથી હાથ ખંખેરી નાખે છે, તેની કેટલી અને કેવી રીતે અમલવારી થાય છે એ તરફ પણ ધ્યાન આપવું જોઈએ.રાજકોટ, : હાલ શ્રાવણ મહિનામાં ભગવાન શિવજીની આરાધનામાં ભક્તજનો ઓતપ્રોત છે, પણ તેમના નંદીની અવદશા તરફ કોઈનું ધ્યાન જતું નથી. માત્ર રાજકોટ જિલ્લાની વાત કરીએ તો ૭૦,૦૦૦થી વધુ ખૂંખાર ખૂંટિયાની 'ન ઘરના ન ઘાટના' જેવી હાલત છે.

## અમદાવાદમાં નળ સરોવરમાં ડૂબી જવાથી યુવાનનું મોત, પરિવારમાં શોકનું મોજું

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ |

નળ સરોવરમાં એક દુઃખદ ઘટના બની છે, જેમાં વિરમગામ તાલુકાના ધરજી ગામ નજીક નળ સરોવરમાં ન્હાવા ગયેલા એક યુવાનનું ડૂબી જવાથી મોત નીપજ્યું છે.મૃતકયુવાનનુંનામદિનેશ પઢાર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાએ સ્થાનિક સમુદાય અને યુવાનના પરિવારમાં શોકનું મોજું ફેલાવ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, દિનેશ પઢાર નળ સરોવરમાં ન્હાવા માટે ગયો હતો.આ દરમિયાન, તે અચાનક સરોવરના ઊંડા પાણીમાં ગરકાવ થયો હતો. આસપાસના સ્થાનિક લોકોએ તાત્કાલિક તેને પાણીમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો અને તેને બગોદરા ખાતે આવેલી હોસ્પિટલમાં લઈ ગયા.

## હવે મયારામ આશ્રમમાં છંછેડાયો વિવાદનો મધપૂડો, વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા લેવાઇ રહ્યાં છે

| પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૫ |

જૂનાગઢ શહેરના મયારામ આશ્રમમાં ફરી એકવાર વિવાદનો મધપૂડો છંછેડાયો છે.વર્ષોથી શાંતિ અને સેવાનું પ્રતિક ગણાતા આ આશ્રમમાં હવે ટ્રસ્ટીપદને લઈને વિવાદ થઈ રહ્યો છે. આશ્રમના આચાર્ય ટ્રસ્ટી તુલસીદાસ બાપુએ ગંભીર આક્ષેપ કરીને જણાવ્યું હતું કે, અમે પૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચાને ઓળખતા પણ નથી છતાં અન્ય ટ્રસ્ટીઓએ તેમને ગેરકાયદેસર રીતે ટ્રસ્ટી તરીકે નિમ્યા છે.તુલસીદાસ બાપુએ આક્ષેપ કરતા સ્પષ્ટ કર્યું હતું કે, તેમની સહમતી વિના નવાં ટ્રસ્ટીઓ ઉમેરવામાં આવ્યા છે અને અંદરખાને ચૂપચાપ ગિરીશ કોટેચાનું નામ ટ્રસ્ટી તરીકે દાખલ કરવામાં આવ્યું છે. જોકે, આ અંગે તેઓએ કલેક્ટર સમક્ષ રજૂઆત કરવાનો નિર્ધાર જાહેર કર્યો છે. 'હવે અહીં વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા લેવામાં આવી રહ્યા છે' કારણ કે, પહેલાં ૮૦થી વધુ વિદ્યાર્થીઓ અહીં આવતા હતા. હાલ ૨૫ વિદ્યાર્થીઓ આવી રહ્યા છે.

## બોટાદમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફી મામલે ત્રણ શખ્સોની અટકાયત કરાઈ

| પ્રતિનિધિ, ભાવનગર,તા.૫ |

જો તમે પણ ગંદા ગંદા વીડિયો જુઓ છો અને તમારા મિત્રોને પણ શેર કરો છો, તો ચેતી જજો. કારણ કે સાયબર ક્રાઇમ વિભાગે આ મામલાને ગંભીરતાથી લઈ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ખાસ આ મામલે બોટાદ જિલ્લામાં કાર્યવાહી દરમિયાન ચાઇલ્ડ પોર્નોગ્રાફી સાથે જોડાયેલા ત્રણ શખ્સોની અટકાયત કરાઈ છે, જેઓ ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ચાઇલ્ડ પોર્નોગ્રાફીના વીડિયો અને ફોટોગ્રાફ્સ અપલોડ અને શેર કરી રહ્યા હતા. ત્યારે હવે સવાલ થાય છે, શું ભારતમાં આ પ્રકારના વીડિયો જોવું ગેરકાનુંની છે? શું પોર્નોગ્રાફી મટિરિયલ જોવાના આરોપમાં તમને પોલીસ પકડી શકે?તાજેતરમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફીના વીડિયો અપલોડ અને શેર કરવાના આરોપમાં બોટાદ જિલ્લાનાં ત્રણ શખ્સોની અટકાયત કરાઈ છે, જે અંગે બોટાદ સાયબર ક્રાઇમના પીઆઇ જે.જી. ચૌધરીએ જણાવ્યું કે,સીઆઇડી ક્રાઇમ બ્રાન્ચ ગાંધીનગર તરફથી મળેલી ટીપ લાઈનના આધારે આ કાર્યવાહી કરાઈ છે. જેમાં આઇપી એડ્રેસના આધારે શકમંદોની ઓળખ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ત્રણેય શખ્સો પાસેથી તેમના મોબાઇલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે.'વધુમાં તેઓએ જણાવ્યું કે, 'આ કેસની તપાસ ગાંધીનગર સીઆઇડી દ્વારા આપવામાં આવેલી ૨૫૩ ટીપલાઇનમાંથી શરૂ થઈ હતી, જેમાંથી ૧૨૧ ટીપલાઇન પર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### પતિ લીગલ ઓથોરિટીમાં રૂપિયા જમા કરાવે ત્યારબાદ ફરિયાદ રદ થશે

# પત્નીના અંગત પળોના વીડિયો વાયરલ કરનારા પતિને એચસીનો ૨૫ હજારનો દંડ

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ |

પત્નીના અંગત પળોના વીડિયો વાયરલ કરનારા પતિને હાઈકોર્ટે રૂ. ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે. આ રૂપિયા ગુજરાત સ્ટેટ લીગલ ઓથોરિટી સમક્ષ એક અઠવાડિયામાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ રૂપિયા જમા થયા બાદ જ સંબંધિત મામલે થયેલી ફરિયાદ રદ કરવામાં આવશે. વડોદરા રહેતા એક પતિએ હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન કરી હતી અને તેની સામે તેના જ પત્નીએ કરેલી ફરિયાદ રદ કરવાની દાદ માગી હતી. જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ફરિયાદી પત્ની અને આરોપી પતિ વચ્ચે સંમતિપૂર્વક સમાધાન થઈ ગયું હોવાથી ફરિયાદ રદ કરવામાં આવે. આ મામલે



પત્નીએ પણ હાઈકોર્ટ સમક્ષ એક સોગંદનામું ફાઈલ કરીને પતિ સામે ફરિયાદ રદ થાય તો કોઈ વાંધો ન હોવાનું જણાવ્યું હતું. ફરિયાદી પત્ની જાતે પણ કોર્ટ સમક્ષ હાજર થઈ હતી. આ કેસની હકીકતમાં એવું સામે આવ્યું હતું કે, પત્ની તેના પતિ સાથે વૈવાહિક જીવન નિભાવવા તૈયાર નહોતી. તે પિયરમાં રહેતી હતી અને પતિએ પત્નીના અંગત વીડિયો ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર મૂકીને વાયરલ કર્યા હતા. એટલું જ નહીં, ઉતરતી કક્ષાની કમેન્ટ્સ પણ મૂકી હતી. જેથી પત્નીએ અમદાવાદના પોલીસ સ્ટેશનમાં વડોદરામાં રહેતા પતિ સામે ફરિયાદ નોંધાવી હતી.

પતિ અને પત્ની વચ્ચે સમાધાન થતા હાઈકોર્ટે ફરિયાદ રદ કરવાનો હુકમ કર્યો હતો. જોકે, પતિને આવા કૃત્ય બદલ રૂ. ૨૫ હજારનો દંડ ફટકાર્યો હતો. જેને એક અઠવાડિયામાં ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટીમાં જમા કરાવવાનો રહેશે. ત્યાર બાદ જ પતિ સામેની ફરિયાદ રદ થશે. કેસને વિગત એવી છે કે ચાલુ વર્ષે અમદાવાદમાં રહેતી પત્નીએ શહેરના એક પોલીસ સ્ટેશનમાં વડોદરામાં રહેતા તેના પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના પતિએ યુવતીના અંગત ફોટો સોશિયલ મીડિયા ઉપર મૂકીને તેને બદનામ કરવા કોશિશ કરી હતી. પત્ની પતિથી અલગ પોતાના પિયર અમદાવાદમાં રહેતી હતી અને સાસરે જવા માગતી નહોતી.

## ઘરના પગથિયે પાનની પિચકારી મારતા ઝઘડો થયો, યુવકને છરી મારી ઢાળી દીધો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ |

વેજલપુર પોલીસ સ્ટેશનની હદમાં ગુનાખોરી વધી રહી છે. આ વિસ્તારના ગુનેગારોને સ્થાનિક પોલીસનું પીઠબળ હોવાની ચર્ચા છે તેવામાં જુહાપુરામાં હત્યાનો વધુ એક બનાવ નોંધાયો છે. જુહાપુરાના સંકલિતનગરમાં ઘરના પગથિયા આગળ પાનની પિચકારી મારવા બાબતે પાડોશીઓ વચ્ચે તકરાર બાદ મારામારી થઈ હતી. ઉશ્કેરાયેલા લોકોએ ૧૯ વર્ષીય યુવકને ઉપરાઉપરી છરી ઝીંકી ઢાળી દીધો હતો. વેજલપુર પોલીસે બંને પક્ષના લોકો સામે ગુનો નોંધી પાંચ લોકોની ધરપકડ કરી છે. જુહાપુરામાં રહેતા મોહમંદસફી શેખ અને તેમનો ૧૯ વર્ષીય પુત્ર સુફિયાન ત્રણ દરવાજા ખાતે કપડાંનો વેપાર કરે છે. ગત રવિવારે મોડી રાત્રે તેમના ઘરની બહાર ઝઘડો થતો હતો. ત્યાં જઈને તપાસ કરી ત્યારે મોહમદસફીના બનેવી મોહમદ હમઝા શેખ સાથે તેમની પાડોશમાં રહેતા લોકો તકરાર કરી રહ્યા હતા. પાડોશમાં રહેતા આરીફ ખલીફાનો દીકરો તાહીર, તારીક અને અયાન તથા સાઢુ અકરમ મણીયાર, સાળો શાહરૂખ ખલીફા અને તેની ભાભી કબ્બસુમ ઉર્ફે ફિરદોસ ઝઘડો કરતા હતા. છરી મારવા બાબતે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## રાજકોટમાં થોરાળા અને મેટોડામાં બે યુવકોની હત્યા

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૫ |

રાજકોટના ઔદ્યોગિક વિસ્તારોમાં ગુનાખોરી બેફામ બની છે. થોરાળા અને મેટોડા વિસ્તારમાં બે અલગ-અલગ ઘટનાઓમાં બે યુવકોની હત્યા થતાં સનસનાટી મચી ગઈ છે.થોરાળા પોલીસ સ્ટેશન હેઠળના મીરા ઉદ્યોગનગરના ખુલ્લા પ્લોટમાંથી એક ૩૫ વર્ષના યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી છે. પોલીસે જણાવ્યું છે કે યુવકના માથામાં પથ્થર મારીને તેની હત્યા કરવામાં આવી છે. ચોંકાવનારી વાત એ છે કે મૃતકનું પેન્ટ અડધે સુધી ઉતરેલી હાલતમાં હતું. પોલીસે શંકા વ્યક્ત કરી છે કે કદાચ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવાના ઈરાદે કે પછી તેવા કૃત્ય દરમિયાન થયેલી માથાકૂટમાં આ હત્યા થઈ હોઈ શકે છે. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સાચી હકીકત સામે આવશે.મેટોડા જીઆઈડીસીમાં પાઠક સ્કૂલ સામેની નિજાનંદ સોસાયટીમાં રહેતા મૂળ ગઢડાના દિલીપસિંહ પ્રવીણસિંહ ગોહિલ (ઉ.વ. ૪૨)ની રવિવારે રાતે ગળું કાપીને હત્યા કરાઈ છે.આરોપી હાર્દિકે 'મારી પત્નીની કેમ છેડતી કરી છે?' કહીને દિલીપસિંહ સાથે ઝઘડો કર્યો હતો અને ત્યારબાદ તેને નજીકની સોસાયટીના ગેટ પાસે બોલાવી પોતાના મિત્ર કેતન ઉર્ફે બીટુ બગડાની મદદથી હત્યા કરી નાખી હતી. રાજકોટના ઔદ્યોગિક વિસ્તારોમાં ગુનાખોરી બેફામ બની છે.




## આખી પેનલે ૧૧ હજારથી વધુની લીડ મેળવી

# મહેસાણા જિલ્લામાં અર્બન બેન્કમાં સત્તા બદલાઈ વિશ્વાસ પેનલનો ભવ્ય વિજય થયો

### ગુજરાત તેમજ મુંબઈમાં મળી કુલ ૫૮ શાખાઓ ધરાવતી બેન્કની ચૂંટણી જાહેર થતાં જ સહકારી રાજકારણમાં ગરમાવો શરૂ થઈ ગયો હતો

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૫ ।

રાજ્યમાં બીજા ક્રમની સહકારી અને મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્કનો દરજ્જો ધરાવતી મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેન્ક લિ.ના ૮ ડિરેક્ટરો માટેની પેટાચૂંટણીમાં વિકાસ પેનલને પછાડીને વિશ્વાસ પેનલના તમામ ઉમેદવારોનો ૧૧ હજારથી વધુ મતથી ભવ્ય વિજય થતાં ઈતિહાસમાં પ્રથમવાર બેન્કની સત્તામાં પરિવર્તન આવ્યું છે.ગુજરાત તેમજ મુંબઈમાં મળી કુલ ૫૮ શાખાઓ ધરાવતી બેન્કની ચૂંટણી જાહેર થતાં જ સહકારી રાજકારણમાં ગરમાવો શરૂ થઈ ગયો હતો અને ૬ સામાન્ય, એક મહિલા અને એક જીઝ-જી્ કેટેગરીની એમ કુલ ૮ બેઠકો માટે કુલ ૬૯ જણાએ ઉમેદવારી નોંધાવ્યા બાદ છેવટે ૨૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. જેમાં બેન્કના સ્થાપક ચેરમેન વિમલ ગ્રુપના ચંદુભાઈ પટેલની વિકાસ પેનલની સામે લાંબા સમયથી લડત આપી રહેલા ડી.એમ.પટેલ અને એપોલો ગ્રુપના આનંદભાઈ પટેલે વિશ્વાસ પેનલ મેદાનમાં ઉતારી હતી. તો એક ત્રીજી પેનલ પણ ચૂંટણીના જંગમાં ઉતરી હતી. મુખ્ય બંને પેનલોએ વિજય મેળવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું અને ૧,૦૭,૭૬૨ સભાસદ મતદારો પૈકી રવિવારે ૪૯,૪૫૯ મતદારોએ મતદાન કરતાં ૪૫.૯૦ ટકા મતદાન નોંધાયું હતું. પ્રતિષ્ઠાના જંગ સમી ચૂંટણી પર સૌની નજર હતી ત્યારે સોમવારે યોજાયેલી મતગણતરીમાં શરૂઆતથી જ વિજય તરફ આગળ વધી રહેલી વિશ્વાસ પેનલના ઉમેદવારોની લીડ સતત વધવા સાથે ત્રણ રાઉન્ડના અંતે ૧૧ હજાર જેટલી જંગી લીડ સાથે વિશ્વાસ પેનલનો વિજય થયો હતો. ભવ્ય વિજયને વધાવવા મોટી સંખ્યામાં સમર્થકો ઉમટી પડ્યા હતા અને વિજય સરઘસ કાઢ્યું હતું. હાલમાં બેન્કના ૯ ડિરેક્ટરો પૈકી ૬ વિશ્વાસ પેનલના સમર્થકો છે ત્યારે વધુ ૮ ઉમેદવારો વિજયી બનતાં બેન્કમાં વિશ્વાસ પેનલની સત્તા નિશ્ચિત થઈ છે. જે સાથે બેન્કની સત્તામાં ૪૨ વર્ષ બાદ પરિવર્તન આવ્યું છે.ભવ્ય વિજયનો શ્રેય સમર્થકોની મહેનત અને સભાસદોએ મુકેલા વિશ્વસને આપતાં ડી.એમ.પટેલ, આનંદભાઈ પટેલ સહિતે બેન્કનો પારદર્શક વહીવટ કરીને બેન્કને સફળતાની નવી ઉંચાઈ પર લઈ જવાની નેમ વ્યક્ત કરી હતી. રાજ્યમાં બીજા ક્રમની સહકારી અને મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્કનો દરજ્જો ધરાવતી મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેન્ક લિ.ના ૮ ડિરેક્ટરો માટેની પેટાચૂંટણીમાં વિકાસ પેનલને પછાડીને વિશ્વાસ પેનલના તમામ ઉમેદવારોનો ૧૧ હજારથી વધુ મતથી ભવ્ય વિજય થતાં ઈતિહાસમાં પ્રથમવાર બેન્કની સત્તામાં પરિવર્તન આવ્યું છે.ગુજરાત તેમજ મુંબઈમાં મળી કુલ ૫૮ શાખાઓ ધરાવતી બેન્કની ચૂંટણી જાહેર થતાં જ સહકારી રાજકારણમાં ગરમાવો શરૂ થઈ ગયો હતો અને ૬ સામાન્ય, એક મહિલા અને એક SC-ST કેટેગરીની એમ કુલ ૮ બેઠકો માટે કુલ ૬૯ જણાએ ઉમેદવારી નોંધાવ્યા.




## આવકવેરા વિભાગ દ્વારા છેલ્લા ચાર દિવસથી સતત તપાસ

# રાજકોટમાં સીએની ઓફીસમાં આઈટી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૫ ।

રાજકોટ શહેરના પ્રખ્યાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રણવ શાહની ઓફિસમાં આવકવેરા વિભાગ દ્વારા છેલ્લા ચાર દિવસથી સતત તપાસ ચાલી રહી છે. આ દરોડો ઢેબર રોડ સ્થિત સન આર્કેડ કોમ્પ્લેક્સમાં આવેલા તેમના ઓફિસ પર પાડવામાં આવ્યો છે. માહિતી અનુસાર, તપાસનું કારણ મોટી માત્રામાં બોગસ રાજકીય પાર્ટીઓને ડોનેશન આપીને કરચોરી કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.મળતી માહિતી મુજબ રાજ્ય બહારની પેટી પાર્ટીઓને ઉપયોગ કરીને બિનકાયદેસર રીતે ટેક્સ બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ, રાજકોટની એક પેઢી દ્વારા આશરે રુ.૨૦૦ કરોડનું બોગસ રાજકીય ડોનેશન આપ્યા હોવાનો તપાસમાં ખુલાસો થયો છે. આઈટી વિભાગ દ્વારા આ સમગ્ર મામલે ઝીણવટ પૂર્વક તપાસ હાથ ધરવામાં આવેલ છે.પટણા સ્થિત આવકવેરા વિભાગના ખાસ ટીમ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન ઝછ પ્રણવ શાહની ઓફિસમાંથી ઘણા શંકાસ્પદ દસ્તાવેજો, બેંક ટ્રાન્ઝેક્શન વિગતો, અને ફર્મોના કરવેરા હિસાબોની માહિતી પણ મેળવી લેવાઈ છે.આવકવેરા વિભાગ હજુ પણ દસ્તાવેજોની ઝીણવટપૂર્વક તપાસ કરી રહ્યું છે. તેમજ કેટલાય નાણા વ્યવહારોની સ્પષ્ટતા માટે અન્ય શહેરોમાં પણ તપાસનો રેલો પહોંચી શકે તેવી શક્યતા છે.

## મોરબીમાં આપની જનસભામાં હોબાળો, નાગરિકને લાફો ઝીંકતા ઉગ્ર બોલાચાલી

। પ્રતિનિધિ, મોરબી, તા.૫ ।

મોરબીના રાજનગર સોસાયટી વિસ્તારમાં આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત જનસભા દરમિયાન મોટો હોબાળો મચી ગયો હતો. આ સભામાં એક નાગરિકે આપ નેતા ઈસુદાન ગઢવીને સવાલ કરવાનો પ્રયાસ કરતાં તેને લાફો ઝીંકવામાં આવ્યો, જેના કારણે માહોલ તંગ બન્યો અને ઉગ્ર બોલાચાલી થઈ. આ ઘટનાએ સ્થાનિક રાજકારણમાં નવો વિવાદ જન્માવ્યો છે.જનસભા રાજનગર સોસાયટીમાં યોજાઈ હતી, જ્યાં આપના નેતા ઈસુદાન ગઢવી સહિત અન્ય કાર્યકરો અને સમર્થકો હાજર હતા. સ્થાનિક નાગરિકો પણ મોટી સંખ્યામાં આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

જાણકારી અનુસાર, એક નાગરિકે જાહેર સભા દરમિયાન પોતાની રજૂઆત કરવા માટે માઈક લેવાનો પ્રયાસ કર્યો અને ઈસુદાન ગઢવીને કેટલાક સવાલો પૂછ્યા. આ દરમિયાન,આપના એક કાર્યકરે નાગરિક પાસેથી માઈક ખેંચી લીધું અને તેને લાફો ઝીંકી દીધો. આ ઘટનાથી સભામાં હાજર લોકોમાં રોષ ફેલાયો, અને ઉપસ્થિત લોકોએ આક્રોશ વ્યક્ત કરતાં હોબાળો મચી ગયો હતો.

## કચ્છમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો, એક મહિનામાં ૯મો આંચકો નોંધાયો

। પ્રતિનિધિ, ભુજ, તા.૫ ।

કચ્છ જિલ્લામાં આજે સવારે ૭:૨૦ વાગ્યે ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૭ માપવામાં આવી હતી, અને તેનું કેન્દ્ર વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાથી ૨૭ કિલોમીટર દૂર ઉત્તર-પશ્ચિમ દિશામાં હતું. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજી રિસર્ચ કચેરીએ આ આંચકાની નોંધ કરી હતી. સ્થાનિક લોકોને આ આંચકાની કોઈ નોંધપાત્ર અસર નથી જણાઈ, અને હાલમાં જાનહાનિ કે નુકસાનના કોઈ અહેવાલ નથી.આજનો આંચકો ચિંતાજનક છે કારણ કે, છેલ્લા એક મહિનામાં કચ્છમાં આ નવમો ભૂકંપનો આંચકો છે. મે અને જૂન મહિના દરમિયાન કચ્છની ધરતી પ્રમાણમાં શાંત રહી હતી, પરંતુ ૮ જુલાઈથી ભૂકંપની પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો છે. આ વધતી જતી ભૂકંપની ગતિવિધિએ સ્થાનિક રહેવાસીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓનું ધ્યાન ખેંચ્યું છે.આ પહેલાં, ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ કચ્છમાં છેલ્લો આંચકો નોંધાયો હતો. આ વારંવારના આંચકાઓએ સ્થાનિક વહીવટ અને ભૂસ્તરશાસ્ત્રીઓનું ધ્યાન ખેંચ્યું છે.કચ્છ જિલ્લો ભારતના સૌથી ભૂકંપ સંવેદનશીલ વિસ્તારોમાંનો એક છે. ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપ બાદ આ વિસ્તારમાં ભૂકંપીય ગતિવિધિઓ પર નજીકથી નજર રાખવામાં આવે છે. ભૂગર્ભમાં ટેક્ટોનિક પ્લેટ્સની હિલચાલને કારણે કચ્છમાં વારંવાર નાના-મધ્યમ આંચકાઓ નોંધાય છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજી રિસર્ચ દ્વારા આવી ગતિવિધિઓનું સતત મોનિટરિંગ કરવામાં આવે છે, અને આ માહિતી સ્થાનિક વહીવટને ચેતવણી અને તૈયારી માટે પૂરી પાડવામાં આવે છે. કચ્છ જિલ્લામાં આજે સવારે ૭:૨૦ વાગ્યે ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૭ માપવામાં આવી હતી.






## તંત્રી લેખ..

# દોષિત નેતાઓ વધ્યા

દેશભરમાં હાલમાં વોટબેંકની રાજનીતિ સતત ચાલી રહી છે. આ રાજનીતિના કારણે જ જુદા જુદા રાજ્યોમાં સક્રિય રહેલા જુદી જુદી રાજકીય પાર્ટીના નેતા અપરાધિકરણની દિશામાં હાલ આગળ વધી રહ્યા છે. દેશમાં અપરાધી રાજનેતાઓના કારણે ભારતીય રાજનીતિની છાપ સૌથી ખરાબ થઈ છે. અપરાધી નેતાઓ પર અંકુશ કઈ રીતે મુકવામાં આવે તેને લઈને કેટલાક નિષ્ણાંતો વારંવાર પોત પોતાના અભિપ્રાય રજૂ કરતા રહ્યા છે. જાણકાર લોકો માને છે કે ભારતીય રાજનીતિની સૌથી ખરાબ છાપ અપરાધીકરણના કારણે રહી છે. કોઈ સમય શિસ્ત અને નૈતિકતા માટે જાણીતી રહેલી રાજનીતિ આજે વોટબેંકની દિશામાં આગળ વધી છે. હવે વોટબેંકને મજબુત કરવાની નીતી અપનાવવામા આવી રહી છે. આ જ રમતના કારણે નૈતિકતાના તમામ સિદ્ધાતો આજે હવા થઈ ગયા છે. અપરાધીકરણની સ્થિતી મજબુત બની ગઈ છે. શહાબુદ્દીન જેવા લીડરો હિરો બની ગયા છે. જે લોકશાહી માટે કંલગ સન્માન છે. આ કંલકને સાફ કરવા માટે કોર્ટ દ્વારા કાયદામાં સુધારા તો કરવામાં આવ્યા છે પરંતુ કોર્ટના પગલા પુરતા નથી. ભારતીય રાજનીતિમાં રાજકીય બિરાદરી અપરાધીકરણને સુરક્ષિત રાખવા માટે કામ કરે છે. તેમની હિમ્મત એટલી હદ સુધી વધી ગઈ છે કે તે જનતાની અવગણા કરીને અપરાધીઓને પાર્ટીમાં રાખવા માટે તમામ પ્રયોગ પણ કરે છે. રાજનેતા માનવા લાગ્યા છે કે અપરાધીઓને લાવીશુ તો પણ લોકો કઈંક કરી શકશે નહી. કારણ કે સામાન્ય લોકોને આ જ લોકો પૈકી એક વ્યક્તિને પંસદ કરવાની જરૂર પડનાર છે. રાજકીય પક્ષો દ્વારા પ્રજાની નબળાઈનો લાભ લેવામાં આવી રહ્યો છે. જનતાના વિચાર, પસંદ રજૂ કરવાના અધિકાર ઓછા કરવામાં આવે તેવી માનસિકતા સાથે રાજકીય પક્ષો કામ કરે છે. ચૂટણી પાંચ વર્ષમાં એક વખત થાય છે અને પ્રજા પાંચ વર્ષમાં માત્ર એક વખત તેમના અભિપ્રાય વ્યક્ત કરે છે.ભારતમાં વ્યવસ્થા  હાલમાં એક વખતે જો કોઈ નેતા જીતી ગયા તો આગામી ચૂટણી સુધી તે પ્રજાની વચ્ચે જતા નથી. પ્રજા સાથે તેના કોઈ લેવાદેવા રહેતા નથી. તેમના પ્રયાસ એ છે કે તેમની પસંદગીને મર્યાદિત કરી દેવામાં આવે. કોઈ રાજકીય પક્ષ એક વખત જો કોઈ અપરાધીને તક આપે છે અને તે જો જોડતોડ મારફતે ચૂટણી જીતી જાય છે તો ત્યારબાદ પ્રજા કઈ પણ કરી શકે નહી. રાજકીય દળો તેને સ્થાપિત કરવામાં લાગી જાય છે. દરેક રાજકીય પક્ષ ચોક્કસ પાર્ટીના લોકોના હાથમાં હોય છે. લાલુ યાદવ, શાહબુદ્ધીન અને અન્ય ટોપના નેતા કેટલાક કેસોમાં ફસાયા હોવા છતાં મોટા કદના નેતા તરીકે રહ્યા છે. લાલુ હજુ આરજેડીના સૌથી મોટા નેતા તરીકે છે. રાજનીતિમાં અપરાધિકરણને રોકવા માટે તરત નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે. સરકાર અને રાજકીય પક્ષોની ઈચ્છા વગર આ કામ શક્ય નથી.

# ગારમેન્ટસ નિકાસની સારી તક છે

કોરોના કાળમાં પ્રતિકળ સંજોગોમાં ડોલરની સામે રૂપિયામાં અવમુલ્યનનો દોર જારી રહ્યો છે. જેના કારણે એકબાજુ ભારત સરકાર અને તમામ અર્થશાસ્ત્રી ચિંતાતુર બનેલા છે. કોરોના સહિના વૈશ્વિક પરિબળોને આના માટે મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. ડોલરની સામે રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં વસ્ત્રોની નિકાસ કરનાર કારોબારીઓ અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવા માટેની સુવર્ણ તક રહેલી છે. રૂપિયાના થઈ રહેલા અવમુલ્યન વચ્ચે ટેક્સ ટાઈલની ચીજ વસ્તુઓની આયાત કરનાર દેશો પણ ભારતમાંથી આયાતને લઈને હાલમાં પ્રાથમિકતા આપી રહ્યા છે. સાથે સાથે અમેરિકામાં વધતા જતા વેચાણના કારણે ભારતીય ટેક્સટાઈલ નિકાસકારો અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવાની તક રહેલી છે. ભારત કેટલીક ચીજવસ્તુઓના સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે.

ભારત કપાસના સૌથી મોટા ઉત્પાદક દેશ અને નિકાસકાર દેશ પૈકી એક છે. આ એક તથ્ય છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૧ ટકા, નિર્માણ ક્ષેત્રનુ ૧૪ ટકા યોગદાન છે. આવી જ રીતે જીડીપીમાં ચાર ટકા અને દેશની નિકાસ આવકમાં ૧૨ ટકાનુ યોગદાન રહેલુ છે. જે સાબિત કરે છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ કેટલુ મહત્વ રહેલુ છે. કોરોના મહામારી વચ્ચે સરકારે આપેલી રાહતો વચ્ચે આ ક્ષેત્રમાં રોજગારીની તક ઉભી કરવા માટેની શક્યતા પણ સૌથી વધારે છે. આ વાત જુદી છે કે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં વસ્ત્ર અને ટેક્સ ટાઈલ ઉદ્યોગ તરફથી સરકારની પ્રત્યે કેટલીક માંગ રહી છે. તેમના ટાર્ગેટ પણ પૂર્ણ થઈ રહ્યા નથી. અમેરિકાના રાષ્ટ્રીય રિટેલ એસોસિએશનના નવેસરના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૩માં અમેરિકા ટેક્સ ટાઈલ અને વસ્ત્રોના વેચાણમાં નવી ઉંચાઈ સુધી પહોંચી શકે છે. હાલના વર્ષોમાં અમેરિકામાં વસ્ત્રોનુ વેચાણ રેકોર્ડ ગતિથી વધી રહ્યુ છે. અમેરિકામાં બે મહાકાય રિટેલ સ્ટોર વોલમાર્ટ અને ટાર્ગેટ કોર્પ દ્વારા શાનદાર દેખાવ કરવામાં આવ્યો છે.

આવનાર રજાના ગાળા દરમિયાન અમેરિકામાં વસ્ત્ર આયાત વધી જવાની શક્યતા છે.આના કારણે ભારતને સૌથી વધારે નિકાસ કરવા માટેની તક મળનાર છે. ભારતમાંથી સૌથી વધારે નિકાસ અમેરિકામાં થાય છે. યુરોપિયન યુનિયનના દેશોમાં પણ વસ્ત્રોની મોટા પાયે નિકાસ કરવામાં આવે છે. રૂપિયાના સતત અવમુલ્યનના કારણે સ્થિતી સારી થઈ શકે છે. કારણ કે આયાતને પ્રાથમિકતા આપી રહેલા દેશો ભારતમાંથી વસ્ત્રોની આયાતના ઓર્ડર વધારી શકે છે. અમેરિકામાં વેચાણના આંકડા સતત વધી રહ્યાછે. આવી સ્થિતીમાં ભારતના નિકાસકારોની સ્થિતી વધારે મજબુત બની શકે છે.



### દરેક સમાજના શિક્ષિત લોકો આગળ આવીને દાખલા બેસાડી શકે છે

**દહેજ અત્યાચારના મામલામાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદા બાદ આને લઇને ચર્ચા જોવા મળી રહી છે સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા તમામ રીતે કરવામાં આવી રહી છે**

# દહેજના દુષણો હજુ પણ અકબંધ છે

**સુપ્રીમ કોર્ટના ચુકાદા પણ ઉપયોગી છે : હવે આવા મામલાની જેમ જ ફરિયાદ થશે કે પોલીસની ભૂમિકા પહેલા જ દિવસથી શરૂ થશે**

દહેજ પ્રથાને રોકવા માટે દશકોથી તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાછતાં આ પ્રથા આજે પણ અકબંધ રહી છે. આના કારણે મંદીના માહોલમાં પ્રતિષ્ઠ સમાજના લોકોની હાલત વધારે ખરાબ થઈ રહી છે. દહેજ પ્રથાનો હવે જોરદાર રીતે વિરોધ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે આ પ્રથાને હવે બંધ કરવા માટે જોરદાર રજૂઆત થાય તે જરૂરી છે. સાથે સાથે સમાજમાં લગ્ન કરવા માટે ઈચ્છુક શિક્ષિત યુવાન પણ આનો વિરોધ કરીને દાખલા બેસાડી શકે છે. આનાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રાહત થશે. કાયદા કાનુન અનેક હોવા છતાં દહેજ પ્રથા હજુ પ્રવર્તે છે. દહેજ અત્યાચારના મામલામાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદા બાદ આને લઈને ચર્ચા જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા તમામ રીતે કરવામાં આવી રહી છે. હવે આવા મામલાની ફરિયાદ જેમ જ થશે કે તરત જ પોલીસની ભૂમિકા પ્રથમ જ દિવસથી શરૂ થઇ જશે. જો કે પોલીસને કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા માનદંડોનુ પણ પાલન કરવાનુ રહેશે. કોર્ટના ચુકાદા અને વર્તમાન સ્થિતીને લઈને હાલમાં નિષ્ણાંતો દ્વારા જુદા જુદા અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યા છે. દહેજ અત્યાચારના કેસમાં કાયદાના બિનજરૂરી અને આડેધડ ઉપયોગને લઈને વ્યાપક ફરિયાદો થતી રહી છે. આવી સ્થિતીમાં સુપ્રીમ કોર્ટ અને કેટલીક હાઈ કોર્ટ દ્વારા સમય સમય પર ચુકાદા



આપવામાં આવ્યા છે. દહેજ અત્યાચાર સાથે સંબંધિત કેસોમાં તપાસ કરી રીતે કરવામાં આવે અને ક્યારે કેસ કઈ રીતે દાખલ કરવામાં આવે તેને લઈને હમેંશા માર્ગ દર્શિકા જારી કરવામાં આવી છે. ગયા વર્ષના એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે પરિવાર કલ્યાણ કમિટીની જોગવાઈ કરી હતી. સાથે સાથે તેના રિપોર્ટ સુધી ધરપકડ પર પ્રતિબંધ મુકી દીધો હતો. પરંતુ હવે આવુ રહ્યુ નથી. કારણ કે સુપ્રીમ કોર્ટે તેમાં સુધારો કર્યો છે. હવે સુપ્રીમ કોર્ટે તો પરિવાર કલ્યાણ કમિટીની જોગવાઈને જ ખતમ કરી દીધી છે. પરંતુ દહેજ અત્યાચારના કેસમાં પહેલાના આપવામાં આવેલા ચુકાદાને અમલી કરવા માટે સ્પષ્ટ સુચના આપી દીધી છે. એટલે કે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષના ચુકાદાથી જે રાહત પતિઓને અને તેમના પરિવારના સભ્યોને આપી હતી તે દુર કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે પરિવાર કલ્યાણ કમિટી કાયદા હેઠળ નથી. સાથે સાથે તે સમજુતીના આધાર પર કેસને ખતમ કરાવી શકે તેવી સ્થિતીમાં નથી.કાયદાની આ યોગ્ય વ્યાખ્યા દેખાતી નથી. કારણ કે બિન સમજુતીવાળા કેસમાં જો સેટલમેન્ટ પણ થાય છે તો કેસ હાઈકોર્ટ જ રદ કરી શકે છે. વર્ષ ૨૦૦૩માં દલ્હી હાઈકોર્ટના તત્કાલીન જસ્ટીસ જેડી કપુરે કહ્યુ હતુ કે એવી સ્થિતી જન્મ લઈ રહી છે કે યુવતિ માત્ર પતિ જ નહી બલ્વકે તેમના પરિવારના સભ્યોને પણ મામલામાં લપેટી રહી છે. આ જ કારણસર લગ્નના આધાર પણ હવે હચમચી ઉઠ્યા છે. આ બાબત સમાજ માટે બિલકુલ યોગ્ય નથી. જસ્ટીસ કૈલાશ ગંભીરે પોતાના ચુકાદામાં કહ્યુ હતુ કે દહેજ અત્યાચાર કેસમાં પોલીસ લાપરવાહીથી કેસ દાખલ કરશે નહી. બલ્કે તેને પહેલા ડીસીપી રેન્કના અધિકારીની આ સંબંધમાં મંજુરી લેવાની રહેશે. કોર્ટે આને લીગલ ટેરરિઝમ તરીકે ગણીને આની ટિકા કરી છે. વર્ષ ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે આ મામલામાં એક ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો. કોર્ટે કહ્યુ હતુ કે સાત વર્ષ સુધીના કેદના મામલામાં કોઈ જસ્ટીફિકેશન વગર ધરપકડ કરી શકાશે નહી. આમાં દહેજ અત્યાચાર કેસ પણ સામેલ છે. હાઈકોર્ટના વકીલ મુરારી તિવારી કહે છે કે બીજી જુલાઈ ૨૦૧૪ના દિવસે સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે સાત વર્ષ સુધીની જેલની સજાના મામલામાં યોગ્ય આધાર પોલીસ જો ધરપકડ કરે છે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ સીકે પ્રસાદ અને પીસી ઘૌષની બેંચે કહ્યુ હતુ કે કોઈની ધરપકડ માત્ર એટલા કારણસર થઈ શકે નહી કે મામલો બિનજામીનપાત્ર છે. સાથે સાથે ગંભીર છે. પોલીસને આવુ કરવાનો અધિકાર છે. ૨૭મી જુલાઈ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદા આપ્યો હતો. જેમાં કેટલીક જોગવાઈ રદ કરી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ એકે ગોયલ, જસ્ટીસ યુયુ લલિતની બનેલી બેંચે રાજેશ શર્મા વિરુદ્ધ સ્ટેટ ઓફ યુપીના કેસમાં દહેજ અત્યાચાર કેસમાં ઉંડી ચકાસણી કરી હતી. ત્યારબાદ કેટલીક માર્ગદર્શિકા જારી કરી હતી. આના ભાગરૂપે દેશભરમાં પરિવાર કલ્યાણ સમિતી બનાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જિલ્લા લીગલ સર્વિસ ઓથોરિટીને એક કમિટી બનાવવા માટે કહેવામાં આવ્યુ હતુ. જેમાં સિવિલ સોસાયટીના લોકો અને સોશિયલ વર્કરોને સામેલ કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. વ્યવસ્થા કરવામાં આવી કે જો કો દહેજને લગતી ફરિયાદ પોલીસ અથવા તો મેજસ્ટ્રેટની પાસે આવે છે તો તેને કમિટીને સોંપી દેવાની રહેશે. કમિટી ત્યારબાદ બંને પક્ષોને બોલાવશે અને જો જરૂર પડશે તો સેટલમેન્ટ કરાવશે. આ બાબતને પણ જોશે કે ફરિયાદ કેટલીક નક્કર રહેલી છે.



### બી એલર્ટ : પ્રવાસ દરમિયાન વિવિધ સંકેતોને ધ્યાનમાં લેવાની જરૂર

**હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઇડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે**

# હાર્ટ અટેકના સંકેતની અવગણના ઘાતક

**પ્રવાસ દરમિયાન થનાર મોતમાં હાર્ટ અટેક સૌથી વધારે જવાબદાર હોવાનો દાવો તબીબો કરતા રહ્યા છે : સાવધાની ખુબ જરૂરી છે**

સામાન્ય રીતે તો હાર્ટ અટેકના સંકેતોની અવગણના ક્યારેય કરવી જોઈએ નહીં પરંતુ સફર કરતી વેળા તો સાવધાની બિલકુલ જરૂરી હોય છે. શોધ કરનાર લોકોનુ કહેવુ છે કે સફર દરમિયાન થનાર મોતના મુખ્ય કારણ તરીકે હાર્ટ અટેક હોય છે. સ્પેનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો યાત્રા દરમિયાન હાર્ટ અટેક થાય તો સમયસર સારવાર જરૂરી હોય છે. જો સમયસર સારવાર મળી રહે તો લાંબા સમય સુધી તેના હકારાત્મક પરિણામ મળતા રહે છે. નિષ્ણાંતો કહે છે કે જો તમે સફર કરી રહ્યા છો અને આપના હાર્ટમાં દુખાવો થાય છે તો તેના લક્ષણ રહે છે. જેમ કે છાતિના હિસ્સામાં દુખાવો થાય છે.

ગળા, કમર, પેટ અથવા તો ખભામાં દુખાવો થાય છે. સાથે સાથે ૧૫ મિનિટ સુધી દુખાવો રહે તો તરત એમ્બ્યુલન્સને બોલાવી લેવાની જરૂર હોય છે. હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઈડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે. પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે. આ સમસ્યા હાર્ટના દુખાવાની સમસ્યા ઉભી કરી શકે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા ભાગના



લોકોને હાર્ટ અટેકનો ખતરો પ્રવાસ દરમિયાન રહે છે. અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ઘરમાં થયેલા હાર્ટ અટેકના દર્દીની તુલનામાં હાર્ટ અટેકથી મૃત્યુનો ખતરો ૪૨ ટકા ઓછો થઈ ગયો છે. સફરમાં અટેક થયા બાદ યોગ્ય અને તરત સારવાર મળ્યા બાદ દર્દીએ વહેલી તકે પોતાના તબીબનો સંપર્ક કરવો જોઈએ. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે.

યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફલેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.

નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી.

પરિણામ દર્શાવે છે કે ફલેઓનોઈડથી ભરપૂર સફરજન નાઈટ્રીક ઓક્સાઈડમાં સુધારો કરે છે. ને સાથે સાથે ઈન્ડોથેલિયરની કામગીરીમાં સુધારો કરે છે. કાર્ડિયોવેસ્કુલર હેલ્થ ઉપર અસર કરનાર ફેક્ટરને પ્રભાવિત કરવામાં સફરજન ઉપયોગી છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બિયર હાર્ટને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસના આ તારણો બીયર પીનાર લોકો માટે સારા સમાચાર તરીકે છે. જો નવેસરના અભ્યાસની વાત માનવામાં આવે તો ઓછા પ્રમાણમાં અથવા તો મર્યાદિત પ્રમાણમાં બિયરનો ઉપયોગ આદર્શ તરીકે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત તકલીફનો ખતરો ઘટી જાય છે. બિયર પીવાની ટેવ ધરાવતાં ૨૦૦૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા વિશ્વવ્યાપી જુદા જુદા અભ્યાસના તારણોને ધ્યાનમાં લઈને એક પ્રકારના તારણો પ્રકાશિત કરાયા છે.

# કેટલાક લોકો તો પાર્ટ ટાઇમ નોકરી કરીને પણ એક્સ્ટ્રા ઇનકમ મેળવી લેવામાં સફળ રહે છે

આધુનિક ભાગદોડના સમયમાં અને મોંઘવારીના સમયમાં દરેક પગારદાર વ્યક્તિત વધારાની આવક મેળવી લેવાના પ્રયાસ કરે છે અને આના માટે જુદા જુદા પ્રયોગો કરતા રહે છે. જાણકાર લોકો કહે છે કે વધારાની આવક અથવા તો એકસ્ટ્રા ઈનમક મેળવી લેવાના જુદા જુદા વિકલ્પ છે. પરંતુ જો ઘરે બેઠા જ ઈન્ટરનેટ મારફતે એકસ્ટ્રા પૈસા આવવા લાગી જાય તો તેના કરતા સારી બાબત શુ હોઈ શકે છે. કેટલાક લોકો પાર્ટ ટાઈમ કામ કરીને પણ જંગી આવક મેળવી લેવામાં સફળ રહે છે. પાર્ટ ટાઈમ કામ પણ જો સારી આવકની સાથે હોય તે બાબત વધારે સારી સાબિત થઈ શકે છે.

યુનિફોર્મ રિસોર્સ લોકેટર પણ એક એવુ કામ છે જેના કારણે સારી કમાણી કરી શકાય છે. આના મારફતે કેટલાક લોકોએ તો એક મહિનામાં જ હજારો રૂપિયાની કમાણી કરવા લાગી ગયા છે. અમે હમેંસા ઈન્ટરનેટ મારફતે કઈ રીતે કમાણી કરી શકાય છે તે અંગે માહિતી આપતા રહીએ છીએ. યુનિફોર્મ રિસોર્સ લોકેટરથી કમાણી કઈ રીતે કરવામાં આવે તે બાબત પણ આજે અમે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. આ ઈન્ટરનેટ મારફતે કમાણી કરવાના સૌથી લોકપ્રિય સાધન તરીકે છે. યુનફોર્મ રિસોર્સ લોકેટર શુ છે તે અંગે સૌથી પહેલા પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આનો જવાબ એ છે કે યુનિફોર્મ રિસોર્સ લોકેટર એક એક માધ્યમ છે જેના કારણે સરળતાથી કોઈ પણ લિન્ક શેયર કરવામાં આવી શકે છે.

સોશિયલ મિડિયા પર આ ટ્રેડ પણ કરે છે. હકીકતમાં નાના યુનિફોર્મ રિસોર્સ લોકેટર લિન્કને ઈન્ટરનેટ પર સરળતાથી રિડાયરેક્ટ કરી શકાય છે. આ કોઈ પણ સંસ્થાને લોકેટ કરવામાં મદદ કરે છે. ઈન્ટરનેટ પર વાયરલ થનાર મેસેજ,વિડિયો અથવા તો ફોટો પણ તેના દ્વારા વાયરલ હોય છે. ગુગલ જેવી મોટી સંસ્થા યુનિફોર્મ રિસોર્સ લોકેટરને નાના કરવા જેવી સેવા આપે છે. ઈન્ટરનેટ મારફતે આના દ્વારા કમાણી કઈ રીતે થશે તે સીધો પ્રશ્ન છે. ઈન્ટરનેટ પર સોશિલ મિડિયા પર અમે કેટલીક ચીજો શેયર કરીએ છીએ. યુઆરએલ મારફતે કમાણી કરવા માટે જરૂર છે કે તમે યુઆરએલને નાના કરીને તેને સોશિયલ મિડિયા પર શેયર કરવામાં આવે. આપના દ્વારા શેયર કરવામાં આવેલા યુઆરએલ પર ફ્લેશ થનાર એડને જેટલા યુજર્સ નિહાળે છે તે દ્રષ્ટિથી કંપની આપને પેમેન્ટ કરે છે. લાઈક અને વિજિબિલિટીની દ્રષ્ટિએ આપની કમાણી નક્કી કરવામાં આવે છે. કઈ કંપની તક આપે છે તે અંગે પુછવામાં આવતા પ્રશ્નનો જવાબ







એ છે કે એડએફડોટ એલવાય વેબસાઈટને સૌથી વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. આના કારણે તમે યુઆરએલને શોર્ટ કરીને સરળતાથી પૈસા કમાવી શકાય છે. આના પર કેટલાક ફિચર્સ રહેલા છે. તેમાં લઘુતમ પેમેન્ટ પાંચ ડોલર છે. જેની ચુકવણી પે પોલના મારફતે આપના બેંક ખાતામાં આવે છે.

આપના દ્વારા ઉભા કરવામાં આવેલા યુઆરએલ પર કેટલા હિટ્સ આવે છે તેના અંગે પણ માહિતી મળે છે. વેબસાઈટ દ્વારા નક્કી કરવામાં આવેલા યુઆરએલ પર દરેક દેશમાં અલગ અલગ રેટ નક્કી કરવામાં આવેલા છે. જે કાસ્ટ વ્યુ પર આધારિત હોય છે. ભારતમાં આ ૧.૦૯ ડોલર પ્રતિ ૧૦૦૦ વ્યુ છે. એટલે કે ૭૦.૮૫ રૂપિયાની દ્રષ્ટિએ નાણાં ચુકવે છે. ઘેર બેઠા દરરોજ હજારો રૂપિયાની કમાણી કરી શકાય છે. એડીવી ડોટ -૨ પરથી પણ યુઆરએલને નાના કરીને એક ચોક્કસ રકમ મેળવી શકાય છે. તેમાં ખાસ બાબત એ છે કે તેના પર તમે એક વખતમાં ૧૦૦ અથવા તો તેનાથી વધારે યુઆરએલ એક સાથે નાના કરીને કામ કરી શકો છો. આ વેબસાઈટ પર પરફોર્મિંગ મીટર દ્વારા કેટલાક પગલા લેવામાં આવે છે. અલબત્ત ભારતમાં તેના દ્વારા મળતી રકમ પ્રમાણમાં ઓછી છે. આ વેબસાઈટ ભારતમાં એક લિન્ક પર ૧૦૦૦ વ્યુ આવવાની સ્થિતીમાં ૦.૪૧ ડોલર અથવા તો ૨૬ રૂપિયા આપે છે. લિન્ક બક્સ પણ આ રીતે કામ કરે છે. આના મારફતે યુઆરએલને નાના કરીને પોતાના સોશિયલ નેટવર્ક પર અથવા તો પોતાની વેબસાઈટ પર શેયર કરી શકાય છે. ભારતમાં આ વેબસાઈટસ ૦.૯૧ ડોલર અથવા તો ૫૮ રૂપિયા પ્રતિ વ્યુ આપે છે. હાલમાં એક્સ્ટ્રા આવકની બોલબાલા છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# ઉત્તરાખંડમાં પહાડોથી આવેલા કાટમાળમાં અનેક ઘર તણાયા

। ઉત્તરાખંડ, તા.૫ ।

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં વાદળ ફાટતા ભારે તબાહી સર્જાઈ છે. મંગળવારે (પાંચમી ઓગસ્ટ) ગંગોત્રી ધામ અને મુખવા નજીક આવેલા ધારાલી ગામમાં વાદળ ફાટતાંની સાથે જ ડુંગરનો કાટમાળ પૂરના રૂપમાં નીચે આવી ગયો હતો. જેના કારમે રાલી બજાર અને આસપાસના વિસ્તારમાં ભારે નુકસાન થયું છે. આ દુર્ઘટનામાં ચારના મોત અને ૫૦ લોકો ગુમ થયાના અહેવાલ છે. હાલ સેના, પોલીસ, જીઙ્ઘઈહ્લની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે.ઉત્તરકાશીના ધારાલી ગામમાં વાદળ ફાટ્યા બાદ પૂરના રૂપમાં ડુંગરમાંથી ઘણો કાટમાળ નીચે આવ્યો હતો. જેના કારણે ઘણા લોકો દટાયા હોવાની શક્યતા છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમા જોઈને ખ્યાલ આવે છે કે આ પૂર કેટલું ભયાનક હતું. આ દ્રશ્ય જોઈને લોકો ચીસો પાડવા લાગ્યા. આ વિસ્તારમાં વાદળ ફાટવાના કારણે લોકોમાં ડરનો માહોલ છે. વહીવટીતંત્રે તમામ લોકોને સલામત રહેવાની સલાહ આપી છે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી શાર્દુલ ગુસાઈને જણાવ્યું હતું કે ‘બચાવ ટીમ ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે.’ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે ‘યુદ્ધના ધોરણે મોટા પાયે બચાવ કામગીરી ચાલી રહી છે.’

### રાજસ્થાનમાં પૂરની સ્થિતિ, મુખ્યમંત્રીએ એરીયલ સરવે કર્યો

# હિમાચલ - ઉત્તરાખંડમાં વરસાદ-ભૂસ્ખલન છનાં મોત । ૧૨ રાજ્યોમાં ઓરેન્જ એલર્ટ

**હિમાચલમાં નેશનલ હાઇવે સહિત ૩૧૦થી વધુ રોડ બંધ રખાયા, અત્યાર સુધીમાં ૧૦૩ લોકોના મોત, ૩૬ હજુ પણ ગૂમ । ઉત્તર પ્રદેશના ૧૩ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ, તમામ મોટી નદીઓએ ભયજનક સપાટી વટાવતા તંત્ર એલર્ટ**

। નવીદિલ્હી, તા.૫ ।

હવામાન વિભાગે ભારે વરસાદને લઈને દેશના આશરે ૧૨ જેટલા રાજ્યો માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડનો પણ સમાવેશ થાય છે કે જ્યાં સ્થિતિ વધુ કથળી રહી છે. ઉત્તર પ્રદેશના ૧૩થી વધુ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે, જ્યારે મુખ્ય નદીઓ જેમ કે ગંગા, યમુના અને બેતવાએ ભયજનક સપાટી વટાવી દીધી છે. વરસાદની ઘટનાઓમાં ઉત્તરાખંડમાં ત્રણ અને હિમાચલ પ્રદેશમાં ત્રણ લોકોના મોત નિપજ્યા હતા.



ઉત્તરાખંડમાં ડુબી જવાથી ત્રણ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે હિમાચલ પ્રદેશમાં વાહન ખાઈમાં ખાબકતા ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો હતો. રાજસ્થાનમાં પણ પરિસ્થિતિ વધુ કથળેલી છે ખાસ કરીને માધોપુર જિલ્લામાં પૂર આવ્યું હતું, પરીણામે મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ સોમવારે એરીયલ સરવે કર્યો હતો અને કેટલુ નુકસાન થયું છે તેની જાણકારી મેળવી હતી. ઉત્તરાખંડમાં સોમવારે ભાખરામાં ભારે કરંટને કારણે એક વ્યક્તિ તણાઈ ગઈ હતી. હલ્દવાણી રોડ પર રવિવારે ભુજિયાઘાટ પાસે બે લોકો ડુની ગયા હતા.

રૂદ્રપ્રયાગ જિલ્લામાં પહાડી વિસ્તારોમાં ભુસ્ખલનને કારણે અનેક દુકાનો દટાઈ ગઈ હતી, દેહરાદુનમાં ભારે વરસાદને પગલે સોમવારે પણ શાળાઓ બંધ રાખવી પડી હતી. હિમાચલ પ્રદેશના મંડીમાં વાહન ખાઈમાં ખાબકતા ત્રણ લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા હતા. હિમાચલમાં એક નેશનલ હાઈવે સહિત ૩૧૦ રોડ બંધ રાખવા પડયા હતા. શિમલા પાસે ભુસ્ખલન થતા રોડ જામ રહ્યા હતા જેથી ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાઇ હતી. હિમાચલમાં ચોમાસુ શરૂ થયું ત્યારથી અત્યાર સુધી વરસાદની વિવિધ ઘટનાઓમાં કુલ ૧૦૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે ૩૬ લોકો હજુ પણ ગુમ છે.

હવામાન વિભાગે ભારે વરસાદને લઈને દેશના આશરે ૧૨ જેટલા રાજ્યો માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડનો પણ સમાવેશ થાય છે કે જ્યાં સ્થિતિ વધુ કથળી રહી છે. ઉત્તર પ્રદેશના ૧૩થી વધુ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે, જ્યારે મુખ્ય નદીઓ જેમ કે ગંગા, યમુના અને બેતવાએ ભયજનક સપાટી વટાવી દીધી છે. વરસાદની ઘટનાઓમાં ઉત્તરાખંડમાં ત્રણ અને હિમાચલ પ્રદેશમાં ત્રણ લોકોના મોત નિપજ્યા હતા.

## જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકનું નિધન

। નવીદિલ્હી, તા.૫ ।

ભારતના પ્રખ્યાત રાજકારણી અને પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકનું આજે દિલ્હીની આરએમએલ હોસ્પિટલમાં નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તેમના નિધનના સમાચારથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકની દિલ્હીની રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. તેઓ લાંબા સમયથી કિડનીની બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. તબિયત વધારે લથડતા તેમને ૧૧ મેના રોજ દિલ્હીની રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં લાંબી સારવાર બાદ ૭૯ વર્ષની વયે મંગળવારે તેમનું અવસાન થયું છે. મંગળવારે બપોરે લગભગ ૧ વાગ્યે તેમણે રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા.સત્યપાલ મલિક ઓગસ્ટ ૨૦૧૮થી ઓક્ટોબર ૨૦૧૯ સુધી જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ રહ્યા. તેમના કાર્યકાળ દરમિયાન જ ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ હટાવી દેવામાં આવી હતી અને જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો નાબૂદ કરવામાં આવ્યો હતો અને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશો - જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં વિભાજીત કરવામાં આવ્યું હતું. યોગાનુયોગ, આજે આ નિર્ણયની છઠ્ઠી વર્ષગાંઠ છે.

## નીતિશ સરકાર મારી પાછળ પડી રહી છે : વિપક્ષ નેતા તેજસ્વી યાદવ

। પટણા, તા.૫ ।

વિપક્ષ નેતા તેજસ્વી યાદવ ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનના અંતિમ દર્શન માટે રાંચી જવા રવાના થયા. પરંતુ, આ પહેલા, પટનામાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે તેઓ ગુરુજીના અંતિમ સંસ્કારમાં હાજરી આપશે અને હેમંત સોરેનજીને મળશે. તેમણે કહ્યું કે તેમનું મૃત્યુ ચોક્કસપણે ઝારખંડ માટે જ નહીં પરંતુ સમગ્ર રાજકીય જગત માટે ખૂબ જ દુઃખદ છે. તેમણે એમ પણ કહ્યું કે તેમના પરિવાર સાથે મારો પારિવારિક સંબંધ રહ્યો છે. આ પછી તેજસ્વી યાદવે નીતિશ સરકાર પર જોરદાર પ્રહારો કર્યા. વિપક્ષના નેતા તેજસ્વી યાદવે કહ્યું કે હું જે કંઈ કહી રહ્યો છું, નીતિશ સરકાર એ જ કામ કરી રહી છે. નીતિશ સરકાર હવે મારું અનુસરણ કરી રહી છે. આગામી દિવસોમાં, નીતિશ સરકાર પણ માઈ-બેહન માન યોજનાની નકલ કરશે. અમે ઘણી વાર કહ્યું હતું કે અમે સરકાર બનતાની સાથે જ ડોમિસાઈલ નીતિ લાગુ કરવાની વાત કરી હતી. પરંતુ, સીએમ નીતિશ કુમારે પણ આની નકલ કરી. હવે જોવું પડશે કે તેનો જમીન પર કેવી રીતે અમલ થશે. નીતિશ સરકાર પાસે પોતાનું કોઈ વિઝન નથી તેજસ્વી યાદવે આરોપ લગાવ્યો કે નીતિશ સરકાર પાસે પોતાનું કોઈ વિઝન નથી. પરંતુ, એ સ્પષ્ટ થઈ ગયું છે.

### સોના અને ચાંદીને બાદ કરતાં, મુખ્ય ફુગાવો ૩.૫ ટકાના પ્રમાણમાં નીચા સ્તરે

# આરબીઆઇ ઓગસ્ટ એમપીસીમાં એફવાય ૨૬ માટે ફુગાવાના લક્ષ્યાંકમાં ઘટાડો કરી શકે

**ભારતીય રિઝર્વ બેંકની એમપીસી બેઠક ૪ ઓગસ્ટથી ૬ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન યોજાઈ રહી છે । આમાં લેવામાં આવેલા નિર્ણયોની જાહેરાત ૬ ઓગસ્ટે કરવામાં આવશે**

। મુંબઇ, તા.૫ ।

ભારતીય રિઝર્વ બેંક આગામી ઓગસ્ટ એમપીસી (નાણાકીય નીતિ સમિતિ) ની બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે તેના ફુગાવાના લક્ષ્યાંકમાં ઘટાડો કરી શકે છે.કરેજ રેટીંગના તાજેતરના અહેવાલમાં આ વાત કહેવામાં આવી છે. ભારતીય રિઝર્વ બેંકની એમપીસી બેઠક ૪ ઓગસ્ટથી ૬ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન યોજાઈ રહી છે. આમાં લેવામાં આવેલા નિર્ણયોની જાહેરાત ૬ ઓગસ્ટે કરવામાં આવશે.




રિપોર્ટ મુજબ, ગ્રાહક ભાવ સૂચકાંક ફુગાવો એફવાય૨૬ માં સરેરાશ ૩.૧ ટકાની આસપાસ રહી શકે છે, જે આરહબીઆઈના વર્તમાન અંદાજ ૩.૭ ટકા કરતા ઘણો ઓછો છે.એફવાય ૨૬ ની નીચી આધાર અસરને કારણે, એફવાય ૨૭ માં ફુગાવો લગભગ ૪.૫ ટકા જેટલો ઊંચો રહેવાની ધારણા છે.એમપીસી ફુગાવાના લક્ષ્યાંકને ઘટાડશે... નાણાકીય વર્ષ ૨૬ માં સીપીઆઈ ફુગાવો સરેરાશ ૩.૧ ટકાની આસપાસ રહેશે. નાણાકીય વર્ષ ૨૬ ના નીચા આધારને ધ્યાનમાં રાખીને, અમારો અંદાજ છે કે નાણાકીય વર્ષ ૨૭ માં સરેરાશ સીપીઆઈ ફુગાવો ૪.૫ ટકાની આસપાસ રહેશે,'' અહેવાલમાં જણાવાયું છે.

અહેવાલ મુજબ, જૂનમાં મુખ્ય ગ્રાહક ભાવ સૂચકાંક ફુગાવો તીવ્ર ઘટીને ૨.૧ ટકા થયો, જે અપેક્ષા કરતા ઓછો અને જાન્યુઆરી ૨૦૧૯ પછીનો સૌથી નીચો છે. ફુગાવામાં આ ઘટાડો મુખ્યત્વે ખાદ્યપદાર્થોના ભાવમાં સતત નરમાઈ અને પાછલા વર્ષ કરતા અનુકૂળ આધાર અસરને કારણે હતો.

ડેટા વિશે વાત કરીએ તો,સીપીઆઈ શ્રેણીમાં, ખાદ્યપદાર્થો અને પીણાંના ભાવમાં ઘટાડો થયો છે. જૂનમાં વાર્ષિક ધોરણે તેમાં ૦.૨ ટકાનો ઘટાડો થયો છે. આ શાકભાજી (-૧૯ ટકા), કઠોળ (-૧૨ ટકા), મસાલા (-૩ ટકા) અને માંસ (-૧.૬ ટકા) ના ભાવમાં તીવ્ર ઘટાડાને કારણે થયું છે. ભવિષ્યમાં, અહેવાલમાં જણાવાયું છે કે કૃષિ ઉત્પાદનમાં સુધારો અને સતત આધાર અસર સપોર્ટને કારણે ખાદ્ય ફુગાવો નિયંત્રણમાં રહેવાની ધારણા છે. દરમિયાન, જૂનમાં મુખ્ય ફુગાવો થોડો વધીને ૪.૪ ટકા થયો હતો, પરંતુ અહેવાલમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ વ્યાપક ન હતો અને મુખ્યત્વે કિંમતી ધાતુઓના ઊંચા ભાવને કારણે હતો. સોના અને ચાંદીને બાદ કરતાં, મુખ્ય ફુગાવો ૩.૫ ટકાના પ્રમાણમાં નીચા સ્તરે છે.

### ગુરમીત રામ રહીમને ફરી એકવાર પેરોલ મળ્યો

## ગુરમીત રામ રહીમને ફરી પેરોલ મળ્યો, ૧૪મી વખત જેલમાંથી બહાર આવ્યો

। રોહતક, તા.૫ ।

ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમને ફરી એકવાર પેરોલ મળ્યો છે અને તે આજે સવારે જેલમાંથી પણ બહાર આવ્યો છે. માહિતી અનુસાર, રામ રહીમને ૪૦ દિવસના પેરોલ મળ્યા છે. તે કડક પોલીસ સુરક્ષા હેઠળ રોહતકની સુનારિયા જેલમાંથી બહાર આવ્યો અને સિરસા ડેરા જવા રવાના થયો. રામ રહીમ ૧૪મી વખત જેલમાંથી બહાર આવ્યો છે. ગુરમીત રામ રહીમને અગાઉ ૯ એપ્રિલે ૨૧ દિવસની રજા પર મુક્ત કરવામાં આવ્યો હતો.ડેરા સચ્ચા સૌદા સિરસાના વડા રામ રહીમ બળાત્કાર અને હત્યાના કેસમાં દોષિત છે અને રોહતક જેલમાં સજા કાપી રહ્યા છે. ગુરમીત રામ રહીમને ૪૦ દિવસના પેરોલ પર મુક્ત કરવામાં આવ્યા છે અને ૧૪ સપ્ટેમ્બરે જેલ બેરેકમાં પાછા ફરશે. આ સમય દરમિયાન, રામ રહીમ મીડિયા સાથે વાત કરશે નહીં.જામીનની શરતો મુજબ, તે સિરસામાં તેના આશ્રમમાં રહેશે. તેને મંગળવારે રોહતકની સુનારિયા જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો અને તરત જ સિરસામાં તેના ડેરા માટે રવાના થઈ ગયો હતો. આ સમય દરમિયાન પોલીસ તૈનાત કરવામાં આવી હતી.ડેરા પ્રમુખ ઓગસ્ટ ૨૦૧૭ થી રોહતકની સુનારિયા જેલમાં સજા કાપી રહ્યા છે. ૨૫ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ, પંચકુલાની એક ખાસ સીબીઆઈ કોર્ટે તેમને સાધ્વીઓ (મહિલા અનુયાયીઓ) પર બળાત્કાર કરવાના કેસમાં દોષિત ઠેરવ્યા હતા અને તેમને ૨૦-૨૦ વર્ષની કેદની બે સજા ફટકારી હતી. હાલમાં તેઓ એક પત્રકાર પર બળાત્કાર અને હત્યાના કેસમાં સજા કાપી રહ્યા છે. બળાત્કારના કેસમાં દોષિત ઠેરવ્યા પછી, ઓગસ્ટ ૨૦૧૭ માં પંચકુલા અને હરિયાણા અને પંજાબના અન્ય ભાગોમાં ફાટી નીકળેલી હિંસામાં લગભગ ૪૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમને ફરી એકવાર પેરોલ મળ્યો છે અને તે આજે સવારે જેલમાંથી પણ બહાર આવ્યો છે. માહિતી અનુસાર, રામ રહીમને ૪૦ દિવસના પેરોલ મળ્યા છે.

### ન્યૂઝ બ્રિફ



## હિના ખાન અને રોકી હવે ‘પતિ પત્ની ઔર પંગા’માં સાથે જોવા મળશે

। મુંબઇ,તા.૫ ।

હિના ખાને ૪ જૂન, ૨૦૨૫ ના રોજ તેના લાંબા સમયના બોયફ્રેન્ડ રોકી જયસ્વાલ સાથે લગ્ન કરીને બધાને આશ્ચર્યચકિત કર્યા. ટેલિવિઝન સુપરસ્ટારે સોશિયલ મીડિયા પર તેના ચાહકોને આ ખુશખબર આપી. અભિનેત્રી તેના લગ્ન પછીથી તેના અંગત જીવનને કારણે હેડલાઈન્સમાં છે. હિના અને રોકી હવે ‘પતિ પત્ની ઔર પંગા’માં સાથે જોવા મળે છે જ્યાં બંને વચ્ચે સુંદર મજાક જોવા મળે છે, પરંતુ આ કપલનો એક ભાવનાત્મક વીડિયો વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે, જેમાં રોકી હિના ખાનને રડતી જોઈને તેને હસાવતો જોવા મળે છે.કેન્સર સામે ઝઝૂમી રહેલી હિના ખાને પણ આ વીડિયોમાં તેના પતિ વિશે વાત કરી છે. સોશિયલ મીડિયા પર, ‘યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’ ની અભિનેત્રી હિના ખાને આ વીડિયોમાં ભાવુક થઈને તેના પતિની પ્રશંસા કરી છે. ટીવી અભિનેત્રીએ કહ્યું, ‘રોકી મારા માટે ઘણું કરે છે... જ્યારે તમે ખૂબ જ ભાવનાત્મક સફરમાંથી પસાર થઈ રહ્યા હોવ છો, ત્યારે જીવનસાથી માટે તેની બધી ખામીઓવાળી સ્ત્રી સાથે લગ્ન કરવું ખૂબ જ મુશ્કેલ છે.’ આ પછી, હિના ખાનના પતિએ તેણીને હસાવવા માટે કંઈક હૃદયસ્પર્શી કહ્યું અને સોનાલી બેન્દ્રે તેની પ્રશંસા કરતી જોવા મળી.રોકીએ બધાની સામે કહ્યું કે તે હિના ખાન સાથે ૧૦ વાર લગ્ન કરી શકે છે. અભિનેત્રીને રડતી જોઈને તેણે કહ્યું, ‘જો આવી ખામીઓ દેખાય તો હું તેની સાથે ૧૦ વાર લગ્ન કરવા તૈયાર છું. પછી મને કોઈ ફરક પડતો નથી’. આ સાંભળીને હિના હસી પડી અને તેના પર પ્રેમ વરસાવવા લાગી.

## ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનનું થયું નિધન

। નવી દિલ્હી, તા.૫ ।

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી અને ઝારખંડ મુક્તિ મોરચા (ઝામુમો) નેતા શિબુ સોરેનનું નિધન થઈ ગયું છે. તેઓ સ્વાસ્થ્યની સમસ્યાને કારણે વેન્ટીલેટર પર હતા. હેમંત સોરેને આ મામલે જાણકારી આપતાં કહ્યું કે હવે ગુરુજી આપણી વચ્ચે નથી. આજે હું શૂન્ય થઈ ગયો. શિબુ સોરેન છેલ્લા એક મહિનાથી પણ વધુ સમયથી દિલ્હીની શ્રી ગંગા રામ હોસ્પિટલમાં દાખલ હતા. તેમને જૂન મહિનામાં છેલ્લા અઠવાડિયે કિડની સંબંધિત સમસ્યાને કારણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેઓ ૮૧ વર્ષના હતા.

## ચીન, અમેરિકા અને પાકિસ્તાન આપણા માટે એક પડકાર બની ગયા છે : કોંગ્રેસ

। નવીદિલ્હી, તા.૫ ।

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ટેરિફ વધારવાના નામે ભારતને ધમકી આપી રહ્યા હતા, જેનો ભારત સરકારે યોગ્ય જવાબ આપ્યો છે અને તેમને અરીસો બતાવ્યો છે કે તેમણે પહેલા પોતાની જાતને જોવી જોઈએ. યુરોપિયન યુનિયનનો રશિયા સાથે ૬૭.૫ બિલિયન યુરોનો વેપાર છે. દરમિયાન, કોંગ્રેસે કેન્દ્ર સરકારની વિદેશ નીતિ પર પ્રશ્નો ઉઠાવ્યા છે.કોંગ્રેસના રાજ્યસભા સાંસદ જયરામ રમેશે કહ્યું, ‘વર્ષોથી વડા પ્રધાન દાવો કરી રહ્યા છે કે તેમની અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે ખાસ સંબંધ છે. આ મિત્રતા ખૂબ જ મોંઘી સાબિત થઈ. વિદેશ મંત્રાલયે હવે એક નિવેદન બહાર પાડ્યું છે, પરંતુ તે સ્પષ્ટ છે કે અમેરિકા સાથેના આપણા સંબંધો બગડ્યા છે. આજે,સીએપી એટલે કે ચીન, અમેરિકા અને પાકિસ્તાન આપણા માટે એક પડકાર બની ગયા છે.’તેમણે કહ્યું, ‘એક ખૂબ જ લોકપ્રિય ગીત ‘દોસ્ત દોસ્ત ના રહા’ છે. વડા પ્રધાનને પણ આ ગીત ખબર હોવી જોઈએ. ‘દોસ્ત દોસ્ત ના રહા, ટ્રમ્પ યાર હમેં તેરા ઐતબાર ના રહા’. તેમણે ‘હાઉડી મોદી’ અને ‘નમસ્તે ટ્રમ્પ’ કાર્યક્રમોનું આયોજન કર્યું. તેમણે કહ્યું “અબકી બાર ટ્રમ્પ સરકાર”. ફોટા લેવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં અમારા વિદેશ મંત્રી આગળની હરોળમાં બેઠા હતા.’જયરામ રમેશે કહ્યું, ‘એવો દાવો કરવામાં આવ્યો હતો કે વડા પ્રધાન અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે ખાસ સંબંધ છે, તેઓ જૂના મિત્રો છે.

**નાણા રાજ્યમંત્રીએ આંકડા આપ્યા** | **ફક્ત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જ સીજીએસટી ફિલ્ડ ઓફિસરો દ્વારા ૨.૨૩ લાખ કરોડ રૂપિયાથી વધુની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ચોરી પકડા**

# ૫ વર્ષમાં ૭.૦૮ લાખ કરોડની જીએસટી ચોરી પકડાઈ

। નવીદિલ્હી, તા.૫ ।

સેન્ટ્રલ જીએસટીના ફિલ્ડ ઓફિસરોએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધીના છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ૭.૦૮ લાખ કરોડ રૂપિયાની કરચોરી શોધી કાઢી છે, જેમાં લગભગ ૧.૭૯ લાખ કરોડ રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટની છેતરપિંડીનો પણ સમાવેશ થાય છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં આ સંબંધિત ડેટા શેર કર્યો. સરકાર દ્વારા આપવામાં આવેલા ડેટા અનુસાર, ફક્ત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જ સીજીએસટી ફિલ્ડ ઓફિસરો દ્વારા ૨.૨૩ લાખ કરોડ રૂપિયાથી વધુની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ચોરી પકડાઈ છે.

સરકારે લોકસભામાં જણાવ્યું હતું કે




નાણાકીય વર્ષ ૨૦૨૫ માં જ્જી ચોરીના ૩૦,૦૫૬ કેસ મળી આવ્યા હતા. આમાંથી અડધાથી વધુ અથવા ૧૫,૨૮૩ કેસ આઈટીસી છેતરપિંડી સાથે સંબંધિત હતા. આ કેસોમાં ૫૮,૭૭૨ કરોડ રૂપિયાની કરચોરી આચરવામાં આવી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં સીજીએસટી ફિલ્ડ અધિકારીઓ દ્વારા ૨.૩૦ લાખ કરોડ રૂપિયાની જીએસટી ચોરી શોધી કાઢવામાં આવી હતી. આમાં ૩૬,૩૭૪ કરોડ રૂપિયાની આઈટીસી છેતરપિંડીનો સમાવેશ થાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩ માં લગભગ ૧.૩૨ લાખ કરોડ રૂપિયાની GST ચોરી શોધી કાઢવામાં આવી હતી. આ ૨૪,૧૪૦ કરોડ રૂપિયાના નકલી આઈટીસી દાવાઓ સાથે જોડાયેલી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૨ અને નાણાકીય વર્ષ ૨૦૨૧ માં જીએસટી ચોરી અનુક્રમે ૭૩,૨૩૮ કરોડ રૂપિયા અને ૪૯,૩૮૪ કરોડ રૂપિયા હતી. આમાં અનુક્રમે ૨૮,૦૨૨ કરોડ રૂપિયા અને ૩૧,૨૩૩ કરોડ રૂપિયાની આઈટીસી છેતરપિંડીનો સમાવેશ થાય છે. છેલ્લા પાંચ વર્ષોમાં (૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫), સીજીએસટીના ફિલ્ડ અધિકારીઓ દ્વારા ૯૧,૩૭૦ કેસોમાં કુલ રૂ. ૭.૦૮ લાખ કરોડની જીએસટી ચોરી શોધી કાઢવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન સ્વૈચ્છિક થાપણો દ્વારા વસૂલવામાં આવેલા કર રૂ. ૧.૨૯ લાખ કરોડથી વધુ હતા.


કરચોરીના આંકડાઓમાં નાણાકીય વર્ષ ૨૦૨૧ અને નાણાકીય વર્ષ ૨૦૨૫ વચ્ચે ૪૪,૯૩૮ કેસોમાં આશરે રૂ. ૧.૭૯ લાખ કરોડની આઈટીસી છેતરપિંડીનો સમાવેશ થાય છે.

## ગ્વાલિયરમાં વિદ્યાર્થીની સાથે બે વર્ષ સુધી બળાત્કાર

। ગ્વાલિયર, તા.૫ ।

ગ્વાલિયરમાં માનવતાને શરમાવે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં ૨૦ વર્ષીય વિદ્યાર્થીની સાથે તેના નાનાના ઘરે ભાડે રહેતા એક છોકરાએ બળાત્કાર કર્યો અને વીડિયો બનાવ્યો. જ્યારે છોકરી પર પહેલી વાર બળાત્કાર થયો ત્યારે તે સગીર હતી. આ પછી, આરોપી તેના માતા-પિતાને મારી નાખવાની અને સમાજમાં બદનામ કરવાની ધમકી આપીને અઢી વર્ષ સુધી તેના પર બળાત્કાર કરતો રહ્યો, વીડિયો વાયરલ કરીને. આરોપી ૨૦૨૩ થી અત્યાર સુધી છોકરી સાથે ખોટું કામ કરી રહ્યો હતો. અંતે પીડિતાએ તેની માતાને આ વાત કહી, ત્યારબાદ માતાએ પરિવારના અન્ય સભ્યોને જાણ કરી. ત્યારબાદ પરિવારે મહારાજપુરા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો. આરોપી હાલમાં ફરાર છે.ગ્વાલિયરના મહારાજપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક સગીર વિદ્યાર્થીની સાથે લાંબા સમય સુધી બળાત્કાર અને બ્લેકમેઈલિંગનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. પીડિતાએ પોલીસને જણાવ્યું કે આરોપી કમલ કિશોર ચૌધરીએ, જે તેને પહેલા ઓળખતો હતો, તેને ઘરે એકલી જોઈને પહેલી વાર તેના પર બળાત્કાર કર્યો.

# ચીને સૂર્યપ્રકાશમાંથી કેરોસીન બનાવ્યું જર્મનીએ હવામાંથી રણમાં પાણી બનાવ્યું





નવી દિલ્હી : દિવસે-દિવસે સાયન્સ અને ટેકનોલોજીના ચમત્કારો સર્જાઈ રહ્યા છે. પહેલી નજરે ચમત્કાર લાગે એવા બે સફળ પ્રયોગો દુનિયામાં થયા છે. ચીને એક સોલર રિએક્ટર બનાવીને જગતને ચોંકાવી દીધું છે. તો જર્મનીએ પાણીની ટેકનોલોજી વિકસાવીને જગતને અચંબિત કરી દીધું છે. આ બંનેના કારણે ભવિષ્યમાં દુનિયામાં મોટું પરિવર્તન આવશે.પશ્ચિમી ચીનની ડાલિયન ઈન્સ્ટિટયૂટના સંશોધકોએ એક અભૂતપૂર્વ ડેમોન્સ્ટ્રેશન કરી બતાવ્યું હતું. એ પ્રયોગ પ્રમાણે ચીને હવા, પાણી અને સૂર્યપ્રકાશની મદદથી જેટ ફ્યુઅલ બનાવવામાં સફળતા મેળવી છે. ચીને એવું સોલર રિએક્ટર બનાવ્યું છે કે જેણે અશક્ય લાગતું પરિણામ મેળવ્યું છે. એવિએશન અને સસ્ટેનેબલ એનર્જીના ક્ષેત્રમાં આ ટેકનિકથી નવી ક્રાંતિ આવી શકે છે. આ પ્રયોગ દર્શાવ્યા પ્રમાણે જો સફળ થશે તો ઉર્જાનો પરંપરાગત સોર્સ બદલાશે. ફોઝિલ ફયુઅલમાં મોટું પરિવર્તન આવશે. એક એવું ફયુઅલ માનવજાત વાપરતી થશે કે જેનાથી કાર્બન ઉત્સર્જન બિલકુલ થતું નહીં હોય.અત્યારે આ પ્રયોગ બહુ જ ટેકનિકલ, ખર્ચાળ અને અઘરો છે. એની પ્રક્રિયા ઘણી જ લાંબી છે તેથી એમાંથી મળતું ફયુઅલ વપરાશમાં લઈ શકાય તેમ નથી. ખૂબ ઊંચા તાપમાનમાં થર્મોકેમિકલ રિએક્ટર્સ હવા, પાણી અને સૂર્ય પ્રકાશમાંથી મળતાં જુદા જુદા તત્વો-મટિરિયલને જુદાં પાડીને એમાંથી ફયુઅલ મેળવે છે. ભવિષ્યમાં સૂર્યપ્રકાશ સિવાયની એનર્જી એમાં ખાસ વપરાશે નહીં.

## અનન્યાની સાઈફાઈ કોમેડીને છૂમંતર ટાઈટલ અપાયું



। મુંબઈ, તા.૫ ।

‘સ્ત્રી’ સહિતની ફિલ્મોના નિર્માતા દિનેશ વિજન અનન્યા પાંડેને લઈને એક સાઈફાઈ કોમેડી બનાવી રહ્યા છે. આ ફિલ્મને ‘છૂમંતર’ ટાઈટલ અપાયાનું હવે જાહેર થયું છે. આ ફિલ્મમાં ‘મુંજિયા’નો કલાકાર અભય વર્મા અનન્યાનો હિરો હશે. ફિલ્મનું પ્રિ પ્રોડક્શન વર્ક હાલ શરુ થઈ ગયું છે. આ વરસના અંતમાં શૂટિંગ શરૂ કરવાની યોજના છે. દિનેશ વિજનને હોરર યુનિવર્સની ફિલ્મોમાં સફળતા મળ્યા પછી વધુને વધુ કલાકારો તેમની ફિલ્મોમાં જોડાઈ રહ્યા છે. અનન્યાને ભાગ્યે જ કમર્શિઅલ સકસેસ મળી છે. હાલ હોરર કોમેડીનો ટ્રેન્ડ ચાલી રહ્યો હોવાથી અનન્યા પણ આ જોનર દ્વારા એકાદી સફળ ફિલ્મ મેળવવા ઈચ્છે છે. મુંજિયાનો અભય વર્મા અનન્યાનો હિરો હશે. ફિલ્મનું પ્રિ પ્રોડક્શન વર્ક શરૂ, આ વર્ષના અંતથી શૂટિંગ શરૂ કરી દેવાશે. ‘સ્ત્રી’ સહિતની ફિલ્મોના નિર્માતા દિનેશ વિજન અનન્યા પાંડેને લઈને એક સાઈફાઈ કોમેડી બનાવી રહ્યા છે. આ ફિલ્મને ‘છૂમંતર’ ટાઈટલ અપાયાનું હવે જાહેર થયું છે. આ ફિલ્મમાં ‘મુંજિયા’નો કલાકાર અભય વર્મા અનન્યાનો હિરો હશે. ફિલ્મનું પ્રિ પ્રોડક્શન વર્ક હાલ શરુ થઈ ગયું છે. આ વરસના અંતમાં શૂટિંગ શરૂ કરવાની યોજના છે.

### અમેરિકા જવા ઈચ્છતા ભારતીયોને મોટો ફટકો પડશે

# અમેરિકાના ટુરિસ્ટ વિઝાની અરજી સાથે ૧૫,૦૦૦ ડોલરના બોન્ડ આપવા પડશે

**ટ્રમ્પના ઈશારે અમેરિકન વિદેશ વિભાગ એક પછી એક નવા નિયમોની જાહેરાત કરી દેશમાં વિદેશીઓ નાગરિકોના ધસારાને નિયંત્રિત કરવા પ્રયાસ કરી રહ્યો છે**

। વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકામાં બીજી વખત સત્તાનું સુકાન સંભાળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે આકરી ઈમિગ્રેશન નીતિ અમલી બનાવી છે. ટ્રમ્પના ઈશારે અમેરિકન વિદેશ વિભાગ એક પછી એક નવા નિયમોની જાહેરાત કરી દેશમાં વિદેશીઓ નાગરિકોના ધસારાને નિયંત્રિત કરવા પ્રયાસ કરી રહ્યો છે. આ પ્રયાસોના ભાગરૂપે વિદેશ વિભાગે એક નવો પ્રસ્તાવ રજૂ કર્યો છે, જે અનુસાર, અમેરિકાના બિઝનેસ કે ટુરિસ્ટ વિઝા માટે અરજી કરનારાઓએ હવે ૧૫,૦૦૦ ડોલર સુધીના બોન્ડ આપવા પડશે.

જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે તો તેનાથી અમેરિકાજવાઈચ્છતાભારતીયોનેમોટોફટકો પડશે. ફેડરલ રજિસ્ટરમાં આ સંદર્ભે પ્રકાશિત એક નોટિસમાં વિદેશ વિભાગે જણાવ્યું હતું કે, તે ૧૨ મહિના માટે એક પાયલટ કાર્યક્રમ શરૂ કરશે. આ કાર્યક્રમ અંતર્ગત જે દેશોનું ઓવરસ્ટેનું પ્રમાણ વધારે છે તથા જે દેશોમાં આંતરીક દસ્તાવેજની સુરક્ષા માટેની પૂરતી વ્યવસ્થા નથી તેવા દેશોના અરજદારોએ વિઝા અરજી કરવા માટે ૫,૦૦૦, ૧૦,૦૦૦ અથવા ૧૫,૦૦૦ ડોલરના બોન્ડ આપવાના રહેશે. નોટિસમાં વધુમાં જણાવ્યાં



અનુસાર, આ પાયલટ કાર્યક્રમ તેની ઔપચારિક જાહેરાતના ૧૫ દિવસમાં અમલી બનશે. આ કાર્યક્રમ અમલી બનાવવાનો હેતુ, એ સુનિશ્ચિત કરવાનો છે કે જો કોઈ વિદેશી મુલાકાતી તેના વિઝાના નિયમોનું પાલન ના કરે તો તેના માટે અમેરિકાની સરકાર નાણાકીય રીતે જવાબદાર નહીં ગણાય. નોટિસમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે, જે દેશોનું વિઝા ઓવરસ્ટેનું પ્રમાણ ઊંચુ છે, જે દેશોમાં માહિતીની ચકાસણીની વ્યવસ્થા અપૂરતી છે અથવા જે દેશો રોકાણના બદલામાં નાગરિકત્વ આપે છે, તેવા દેશોના નાગરિકોની અરજીઓ આ પાયલટ પ્રોગ્રામ હેઠળ આવરી લેવાઈ શકે છે.

અમેરિકામાં બીજી વખત સત્તાનું સુકાન સંભાળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે આકરી ઈમિગ્રેશન નીતિ અમલી બનાવી છે. ટ્રમ્પના ઈશારે અમેરિકન વિદેશ વિભાગ એક પછી એક નવા નિયમોની જાહેરાત કરી દેશમાં વિદેશીઓ નાગરિકોના ધસારાને નિયંત્રિત કરવા પ્રયાસ કરી રહ્યો છે. આ પ્રયાસોના ભાગરૂપે વિદેશ વિભાગે એક નવો પ્રસ્તાવ રજૂ કર્યો છે, જે અનુસાર, અમેરિકાના બિઝનેસ કે ટુરિસ્ટ વિઝા માટે અરજી કરનારાઓએ હવે ૧૫,૦૦૦ ડોલર સુધીના બોન્ડ આપવા પડશે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે તો તેનાથી અમેરિકા જવા ઈચ્છતા ભારતીયોને મોટો ફટકો પડશે.

### ગુગલ ડીપમાઇન્ડના સીઇઓનો મત

## એઆઇ ડોક્ટરોની જગ્યા લઇ શકે પણ નર્સોની નહીં : ડેમિસ હસબિસ

**એઆઇ મેડિકલ ડેટા, સ્કેન અને ટેસ્ટના પરિણામોનું માનવ ડોક્ટરોની સરખામણીમાં ઝડપથી અને વધુ ચોકસાઇથી વિશ્લેષણ કરી શકે છે**

। વોશિંગ્ટન, તા.૫ ।

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) હેલ્થકેર સેક્ટરમાં ડોક્ટરોની જગ્યા લઈ શકે પણ નર્સોની નહીં તેમ ગુગલ ડીપમાઈન્ડના સીઈઓ ડેમિસ હસબિસ જણાવ્યું છે. તેમણે જણાવ્યું છે કે એઆઈ મેડિકલ ડેટા, સ્કેન અને ટેસ્ટના પરિણામોનું માનવ ડોક્ટરોની સરખામણીમાં ઝડપથી અને વધુ ચોકસાઈથી વિશ્લેષણ કરી શકે છે અને નિદાન અને સારવાર આયોજનમાં તેમની જગ્યા લઈ શકે છે અથવા તેમની મદદ કરી શકે છે.જો કે નર્સો ભાવનાત્મક ટેકો, શારીરિક સંભાળ અને માનવીય સહાનુભૂતિ પૂરી પાડે છે. જે ટેકનોલોજી કરી શકે તેમ નથી. રોબોટિક નર્સ કાર્યક્ષમ હોઇ શકે છે પણ દર્દીઓ સાથે ભાવાનાત્મક રીતે જોડાવાની ક્ષમતાનો અભાવ ધરાવે છે જે સંભાળનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ ઉદાહરણ દર્શાવે છે કે જ્યારે આરોગ્ય સંભાળમાં એઆઈ ચોક્કસ બૌદ્ધિક કાર્યોને બદલી શકે છે ત્યારે ભાવાનાત્મક બુદ્ધિ પર આધાર રાખતા વ્યવસાયો માનવ કેન્દ્રિત રહેશે. હસાબિસના મતે ભવિષ્યનું કાર્યસ્થળ માનવ અને એઆઈને સહયોગાત્મક રીતે એકીકૃત કરશે. એઆઈ ડેટા ભારે, પુનરાવર્તિત અને વિશ્લેષણાત્મક પ્રક્રિયાઓને હેન્ડલ કરશે. જેનાથી માનવી સર્જનાત્મક સમસ્યા નિરાકરણ, ભાવનાત્મક ક્રિયા પ્રતિક્રિયા અને નેતૃત્ત્વ ભૂમિકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. આ પરિવર્તન માટે સરકારો અને ઉદ્યોગોને એઆઈ સંચાલિત વાતાવરણ માટે કામદારોને તૈયાર કરવા માટે પુનઃકુશળતા કાર્યક્રમોમાં ભારે રોકાણ કરવાની જરૂર પડશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) હેલ્થકેર સેક્ટરમાં ડોક્ટરોની જગ્યા લઈ શકે પણ નર્સોની નહીં તેમ ગુગલ ડીપમાઈન્ડના સીઈઓ ડેમિસ હસબિસ જણાવ્યું છે. તેમણે જણાવ્યું છે કે એઆઈ મેડિકલ ડેટા, સ્કેન અને ટેસ્ટના પરિણામોનું માનવ ડોક્ટરોની સરખામણીમાં ઝડપથી અને વધુ ચોકસાઈથી વિશ્લેષણ કરી શકે છે અને નિદાન અને સારવાર આયોજનમાં તેમની જગ્યા લઈ શકે છે અથવા તેમની મદદ કરી શકે છે.જો કે નર્સો ભાવનાત્મક ટેકો, શારીરિક સંભાળ અને માનવીય સહાનુભૂતિ પૂરી પાડે છે. જે ટેકનોલોજી કરી શકે તેમ નથી.

## મહિલા ઈન્ફ્લુએન્સર વિશે અપ શબ્દો બોલનારા કોમેડિયનને કુશા કપિલાએ ઝાટક્યો



। મુંબઈ, તા.૫ ।

હાલમાં જ સોશિયલ મીડિયા પર કોમેડિયન કવિરાજ સિંહનો એક વીડિયો જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે એક મહિલા ઈન્ફ્લુએન્સરની તુલના એક સેક્સ વર્કર સાથે કરતો જોવા મળે છે. તેના આ વિવાદાસ્પદ જોકથી ઘણા યુઝર્સ તેને ટ્રોલ કરી રહ્યા છે.કોમેન્ટમાં ઘણા યૂઝર્સે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. આ મામલે ડિજિટલ ક્રિએટર અને એક્ટ્રેસ કુશા કપિલાએ નારાજગી વ્યક્ત કરી છે. કુશાએ ઈન્સ્ટાગ્રામ પર આ બાબતે સ્ટોરી પર શેર કરી છે. કુશા તેના ઈન્સ્ટા સ્ટોરીમાં જણાવ્યું કે , ‘સોશિયલ મીડિયા પર મહિલાઓ વિશે વાંધાજનક શબ્દ વાપરવા ખૂબ સામાન્ય થઈ ગયું છે, હવે તો કોમેડિયન માટે જોક મારવાનો આ ટોપિક બની ગયો છે. ઘણી વાર જોયું છે સસ્તી પબ્લિસિટી માટે કોમેડિયન આવા શબ્દોનો પ્રયોગ ખૂબ જ વિચારીને કરતાં હોય છે કારણકે કોમેડિયનને ખબર હોય છે કે આવા શબ્દોનો પ્રયોગ કર્યા પછી તેને ઘણી પબ્લિસિટી મળી શકે છે’. કુશાએ આગળ કહ્યું કે, ‘સૌથી દુઃખની વાત એ છે કે આવા કોમેડિયનને લોકોનું સમર્થન પણ મળે છે, લોકો તેણે ડોનેશન પણ આપે છે. આ વિચાર ધરાવતી સંસ્કૃતિ આગળ ખૂબ ભયાનક સાબિત થઈ શકે છે. કુશાએ આગળ જણાવ્યુ કે, ‘ડિજિટલ દુનિયામાં મહિલા પર આવો શાબ્દિક હુમલો થવો કોઈ નવી વાત નથી, હું છેલ્લા ૭ વર્ષોથી કન્ટેન્ટ બનાવી રહી છું’

## બ્રાઝિલમાં પૂર્વ રાષ્ટ્રપતિ બોલસોનારો હાઉસ અરેસ્ટ । સત્તાપલટાનું ષડ્યંત્ર રચવાનો આરોપ

। બ્રાસેલિયા, તા.૫ ।

બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે ૪ ઓગસ્ટના રોજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જૈર બોલસોનારોને હાઉસ અરેસ્ટ કરવાનો આદેશ આપ્યો છે. તેમના પર ૨૦૨૨ની ચૂંટણીમાં હાર્યા પછી પણ પદ પર રહેવા માટે કથિત રીતે બળવો કરવાની કાવતરું ઘડવાનો આરોપ છે. મીડિયા અહેવાલ અનુસાર, બોલસોનારો પર દેશમાં બળવાનો પ્રયાસ કરવાના ગંભીર આરોપો છે. અમેરિકાએ સુપ્રીમ કોર્ટના આ આદેશની નિંદા કરી છે. આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા અને બ્રાઝિલ વચ્ચે ટ્રેડ વોર ચાલી રહ્યું છે.

જસ્ટિસ એલેક્ઝાન્ડર ડી મોરેસે પોતાના આદેશમાં જણાવ્યું કે, બોલસોનારોએ ગયા મહિને સોશિયલ મીડિયાના ઉપયોગ પર લાગુ કરાયેલા પ્રતિબંધનો ભંગ કર્યો છે. તેમને ઈલેક્ટ્રોનિક એન્કલ ટેગ પહેરવાનો આદેશ પણ આપવામાં આવ્યો હતો. બોલસોનારોએ પોતાના ત્રણ સાંસદ પુત્રોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા કન્ટેન્ટ પોસ્ટ કર્યું હતું, જે નિયમોની વિરુદ્ધ હતું. તેમજ રવિવારે બોલસોનારોએએ રિયો ડી જાનેરોમાં પોતાના સમર્થકોને સંબોધિત કર્યા હતા.હાઉસ અરેસ્ટના આદેશ બાદ બ્રાઝિલની ફેડરલ પોલીસે જણાવ્યું કે, એજન્ટ્સ બોલસોનારોએના બ્રાઝિલિયા સ્થિત ઘરે પહોંચી ગયા છે.

## બલૂચો ઉપર અત્યાચાર ! ૧૨૧ હત્યા, ૭૮૫ લોકો ગુમ માનવાધિકાર સંગઠને જાહેર કર્યો ૨૦૨૫નો રિપોર્ટ

। બલૂચ, તા.૫ ।

પાકિસ્તાન સ્થિત બલૂચ રાષ્ટ્રીય આંદોલનના માનવાધિકાર વિભાગ ‘પાંક’ દ્વારા તાજેતરમાં બલૂચિસ્તાનમાં માનવાધિકાર ઉલ્લંઘન અંગેના આંકડા રજૂ કરવામાં આવ્યા છે. આ રિપોર્ટમાં પાકિસ્તાની સુરક્ષા દળો અને રાજ્ય-સમર્થિત ‘ડેથ સ્કવોડ’ પર ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, ૨૦૨૫ની શરૂઆતથી અત્યાર સુધીમાં સુરક્ષા દળો અને ડેથ સ્કવોડે બલુચિસ્તાનમાં બળજબરીથી ૭૮૫ લોકોને ગુમ અને ૧૨૧ લોકોની હત્યા કરી દીધી છે.બલૂચિસ્તાનમાં માનવાધિકારની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી અત્યાર સુધીમાં ૭૮૫ વ્યક્તિઓને બળજબરીપૂર્વક ગુમ કરવામાં આવી છે. આમાં વિદ્યાર્થીઓ, પત્રકારો અને શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓનો સમાવેશ થાય છે. આમાંથી ઘણાને કરાચી અને ઈસ્લામાબાદ જેવા મોટા શહેરોમાંથી પણ અપહરણ કરવામાં આવ્યા છે. આ જ સમયગાળામાં ૧૨૧ વ્યક્તિઓની ન્યાયિક પ્રક્રિયા વિના હત્યા કરવામાં આવી છે. આમાંના ઘણા લોકો એવા છે જેમને પહેલા બળજબરીપૂર્વક ગુમ કરવામાં આવ્યા હતા અને પછી તેમના મૃતદેહો મળી આવ્યા હતા. રિપોર્ટ મુજબ, આ કૃત્યો પાકિસ્તાની સેના, ફ્રન્ટિયર કોર્પ્સ, કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ અને રાજ્ય-સમર્થિત ‘ડેથ સ્ક્વોડ’ દ્વારા કરવામાં આવ્યા છે.યુએનના માનવાધિકાર નિષ્ણાતોએ પાકિસ્તાનને બલૂચ માનવાધિકાર કાર્યકરો સામેની કાર્યવાહી બંધ કરવા અને ધરપકડ કરાયેલા લોકોને મુક્ત કરવા વિનંતી કરી છે. જુલાઈ ૨૦૨૫માં બલૂચ યાકજેહતી સમિતિએ દાવો કર્યો હતો કે, ડીલ જાન બલૂચને કેચ જિલ્લામાંથી ગુમ કરવામાં આવ્યા બાદ ડેથ સ્કવોડ દ્વારા તેમની હત્યા કરવામાં આવી હતી.

**ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ ધરાવતો દેશ : ટ્રમ્પ**

**ભારત અને રશિયા વચ્ચે વેપાર નિકટતાને લઈને યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભડક્યા હતા અને તેમણે સોમવારે આ નિવેદન કર્યું હતું । ટ્રમ્પે અગાઉ ભારત પર ૨૫% ટેરિફ અને પેનલ્ટીનો અમલ એક સપ્તાહ પાછો ઠેલ્યો હતો**

# રશિયાનું ઓઇલ ખરીદતા ભારત પર વધુ આકરો ટેરિફ ઝીંકાશે : ટ્રમ્પ

। વોશિંગ્ટન, તા.૫ ।

ભારત રશિયા પાસેથી વ્યાપક માત્રામાં ઓઈલની ખરીદી કરી રહ્યું હોવાથી અમેરિકા તેના પર નોંધપાત્ર ટેરિફ વધારો ઝીંકશે. ભારત અને રશિયા વચ્ચે વેપાર નિકટતાને લઈને યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભડક્યા હતા અને તેમણે સોમવારે આ નિવેદન કર્યું હતું. ભારત તેના ઘરેલુ વપરાશ માટેના ઓઈલના જથ્થા પૈકી મોટાભાગની આયાત રશિયા પાસેથી કરી રહ્યું છે. આ જ કારણથી રશિયા યુક્રેન સામે યુદ્ધમાં પીછેહઠ નથી કરી રહ્યું અને બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવાના અમેરિકાના અનેક પ્રયાસો વ્યર્થ નિવડી રહ્યા છે. પરિણામે હવે અમેરિકા દબાણનું રાજકારણ કરી રહ્યું છે અને ભારત પર નોંધપાત્ર ટેરિફ વધારો ઝીંકવાની ચીમકી ટ્રમ્પે ઉચ્ચારી છે. ટ્રમ્પે જણાવ્યું કે, ભારત રશિયા પાસેથી મોટાપાયે ઓઈલ ખરીદીને તેના વેચાણ પર જંગી નફો રળી રહ્યું છે. તે માત્ર રશિયા પાસેથી ઓઈલનો વ્યાપક પુરવઠો ખરીદી રહ્યું છે એટલું જ નહીં પરંતુ ઓપન માર્કેટમાં તેનું વેચાણ પણ કરે છે. આમ ભારત નોંધપાત્ર નફો મેળવતું હોવાનો દાવો ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કર્યો હતો. રશિયા દ્વારા યુક્રેનમાં સંખ્યાબંધ



લોકોની હત્યા કરાઈ રહી છે તેનાથી ભારતને કોઈ ચિંતા નથી. આ જ કારણથી હું ભારત પર નોંધપાત્ર ટેરિફ વધારો કરીશ. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ પોતાના નિવેદનોથી ગૂલાંટ મારવા માટે જાણીતા છે. ગત સપ્તાહે તેમણે ભારત પર ૧લી ઓગસ્ટથી અમલમાં આવે તે રીતે ૨૫ ટકા ટેરિફ ઉપરાંત પેનલ્ટી લાગુ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. ત્યારબાદ ભારતે પોતાનો પક્ષ મજબૂત રીતે રજૂ કરતા વ્હાઈટહાઉસે એક સપ્તાહ માટે અમલ પાછળ ઠેલવ્યો હતો. ટ્રમ્પે ભારત અને રશિયાને ડેડ ઈકોનોમી તરીકે સંબોધતા બંને દેશો સાથે અર્થતંત્રનું પતન નોતરી શકે છે તેમ જણાવ્યું હતું. ભારતે વળતા જવાબમાં તે વિશ્વનું સૌથી ઝડપી વિકાસશીલ પ્રમુખ અર્થતંત્ર હોવાનો દાવો કર્યો હતો. ભારતને મિત્ર ગણાવનાર ટ્રમ્પે તેની સાથે વેપારમાં અમેરિકા મોટી ખાધ ધરાવતું હોવાનો ઉલ્લેખ કર્યો હતો. ભારતમાં ઊંચા ટેરિફને પગલે યુએસ ઘણો ઓછો વેપાર ધરાવે છે. ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ ધરાવતો દેશ હોવાનું ટ્રમ્પે કહ્યું હતું. ભારત રશિયા પાસેથી વ્યાપક માત્રામાં ઓઈલની ખરીદી કરી રહ્યું હોવાથી અમેરિકા તેના પર નોંધપાત્ર ટેરિફ વધારો ઝીંકશે. ભારત અને રશિયા વચ્ચે વેપાર નિકટતાને લઈને યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભડક્યા હતા અને તેમણે સોમવારે આ નિવેદન કર્યું હતું. ભારત તેના ઘરેલુ વપરાશ માટેના ઓઈલના જથ્થા પૈકી મોટાભાગની આયાત રશિયા પાસેથી કરી રહ્યું છે.

**ભારતે ટ્રમ્પને અરીસો બતાવ્યો** | **૨૦૨૪માં યુરોપીયન યુનિયનનો રશિયા સાથેનો કારોબાર ૬૭.૫ અબજ ડોલરનો હતો, જે ભારતના રશિયા સાથેના તે સમયના કુલ કારોબાર કરતાં પણ વધુ હતો**

# ‘અમેરિકા અને યુરોપ ખુદ રશિયા સાથે વેપાર કરે છે’

। નવી દિલ્હી, તા.૫ ।

રશિયન ઓઈલની ખરીદી કરવા બદલ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે આપેલી ધમકીનો ભારતે મક્કમતાથી જવાબ આપતા જણાવ્યું હતું કે અમેરિકા અને યુરોપીયન યુનિયન ભારતને ખોટી રીતે લક્ષ્યાંક બનાવી રહ્યા છે. ભારતે જણાવ્યું હતું કે અમેરિકાએ પોતે જ તે સમયે ભારતને આ પ્રકારે રશિયામાંતી ઓઈલનો પુરવઠો વધારવા પ્રોત્સાહિત કર્યુ હતુ, જેથી વૈશ્વિક એનર્જી માર્કેટની સ્થિરતા જળવાઈ રહે. હવે આ જ અમેરિકા અને યુરોપીયન સંઘ બંને સસ્તા ઓઈલનો એકબાજુએ લાભ પણ લે છે અને બીજી બાજુએ ભારતને આ જ સસ્તુ ઓઈલ આયાત કરવા માટે પ્રોત્સાહન



આપ્યા પછી હવે ભારતને રશિયા પાસેથી ઓઈલ આયાત કરવાની બંધ કરે છે. જ્યારે ભારત આ આયાત પોતાના હિતોને ધ્યાનમાં રાખીને કરે છે. તેથી હવે જો અમેરિકા અને યુરોપીયન સંઘ ભારત પર રશિયા પાસેથી ઓઈલની આયાતના મુદ્દે ટેરિફ નાખશે તો તેનું નુકસાન ફક્ત ભારતને નહીં તેમને પણ થશે. તેની સાથે વૈશ્વિક એનર્જી સિક્યોરિટી પણ ભયમાં મૂકાશે. ભારતે જણાવ્યું હતું કે અમેરિકા એકબાજુ અમને ધમકી આપે છે, પરંતુ તે પોતે રશિયા સાથે કારોબાર કરે છે. તેમા પરમાણુ ઉદ્યોગ માટે હેક્સાફ્લુરોઈડ, ઈવી ઉદ્યોગ માટે પેલેડિયમ, ખાતર અને રસાયણોનો સમાવેશ થાય છે. જ્યારે ૨૦૨૪માં તો યુરોપીયન યુનિયનનો રશિયા સાથેનો કારોબાર ૬૭.૫ અબજ ડોલરનો હતો, જે ભારતના રશિયા સાથેના તે સમયના કુલ કારોબાર કરતાં પણ વધુ હતો. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા બે સપ્તાહથી સતત ભારત વિરોધી નિવેદનો આપી રહ્યા છે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા ભારત પર ટેરિફમાં ભારેખમ વૃદ્ધિ કરશે. નોંધનીય છે કે અગાઉ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ ધમકી આપતા કહ્યું છે, કે ‘ભારત રશિયાથી મોટા પ્રમાણમાં ઓઈલ તો ખરીદે જ છે પણ પછી તેમાંથી મોટો હિસ્સો ખુલ્લા બજારમાં વેચી નફો પણ કમાય છે. રશિયાની યુદ્ધ મશીનમાં યુક્રેનના કેટલા લોકો મરી રહ્યા છે તેની ભારતને કોઈ ચિંતા નથી. તેથી હું ભારત પર લગાવવામાં આવતા ટેરિફમાં ભારેખમ વૃદ્ધિ કરીશ.’ નોંધનીય છે કે ઘણા સમયથી ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને વાટાઘાટો ચાલી રહી હતી. જોકે અમેરિકાની શરતો પૂરી ન કરી શકવાના કારણે સમજૂતી થઈ શકી નહોતી. એવામાં ડોનાલ્ડ ટ્રમ્પે ભારતથી અમેરિકા જતાં સામાન પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી.

### વડોદરા મહાનગર પાલિકાના ફાયર વિભાગ દ્વારા તાજેતરમાં જરૂરી સામાનની ખરીદી કરવામાં આવી હતી

# વડોદરાના સિસોટી ખરીદી કૌભાંડમાં આરોગ્ય અધિકારી । ફાયરબ્રિગેડ ચીફ સહિત 3 સસ્પેન્ડ

## ૩.૧૭ કરોડની ખરીદીમાં પાલિકાએ સામાનના દસ ગણાં વધુ ભાવ ચૂકવાતા કમિશનરે આપ્યા હતા તપાસના આદેશ

। પ્રતિનિધિ, આણંદ, તા.૫ ।

વડોદરા મહાનગર પાલિકાના ફાયર વિભાગ દ્વારા તાજેતરમાં જરૂરી સામાનની ખરીદી કરવામાં આવી હતી. જેમાં મોટા ભાગની વસ્તુઓની બજાર કિંમત કરતા ૧૦ ગણા વધુ ભાવની ચૂકવણી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. બજારમાં રૂપિયા ૨૮૦માં મળતી ઈમર્જન્સી વ્હીસલ (સિસોટી) ના રૂ. ૩,૨૩૮ ચૂકવાયા હોવાનું સામે આવ્યુ હતુ. સિસોટી, ચપ્પુ, પાણીની બોટલ અને મચ્છરદાની વગેરેની ૩.૧૭ કરોડની ખરીદીમાં એક સુનિયોજિત કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની બહાર આવેલી વિગતોના આધારે મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. આ તપાસના પ્રાથમિક અહેવાલના આધારે તત્કાલીન વિભાગીય વડા તથા પાલિકાના આરોગ્ય અધિકારી ડો. દેવેશ પટેલ, ફાયર બ્રિગેડ ચીફ મનોજ પાટીલ તથા ડે. ફાયર બ્રિગેડ ચીફ નૈતિક ભટ્ટને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.વડોદરા મનપા દ્વારા મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટર અને પોલીસ કમિશનરની હાજરીમાં ચોમાસા ટાણે તંત્રની તૈયારીઓ દર્શાવતું પ્રદર્શનનું આયોજન કરાયુ હતું. જેમાં ત્રણેય વિભાગ સંયુક્ત રીતે પૂર અથવા આફત સમયે કેવી રીતે લોકોની મદદ કરી શકે, તે અંગેના સાધનો દર્શાવાયા હતા. સાથે જ ત્રણેય વિભાગોને સજ્જ કરાયા હતા. આ પ્રદર્શનમાં મુકાયેલા કેટલાક સાધનો નવા હતા. જેને બજાર કરતા ઉંચા ભાવે ખરીદાયા હોવાનું સામે આવ્યું હતું. જેથી પાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ માટે કરવામાં આવેલી રૂ. ૩.૧૭ ની ખરીદી બાબતે કેટલાક આક્ષેપ થવા લાગ્યા હતા.પાલિકા દ્વારા ઈમર્જન્સી વ્હીસલ (સિસોટી) ના રૂ. ૩,૨૩૮ ચૂકવ્યા છે, જ્યારે તેનો બજાર ભાવ રૂ. ૨૮૦ છે. બીજી તરફ પાલિકાએ પાણીના બોટલ માટે રૂ. ૩૬૩૯ ચૂકવ્યા છે, જ્યારે તેની બજાર કિંમત રૂ. ૧૪૦૦ છે. પાલિકાએ પોકેટ નાઈફના રૂ. ૩૬૩૯ ચૂકવ્યા છે, જ્યારે તેની બજાર કિંમત રૂ. ૨૭૫ છે.

### ખરીદી ઉંચા ભાવે કરાઈ હોવાથી પાલિકાની લોબીમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો



એલઈડી ટોર્ચ, સોલાર પેનલ, સેફ્ટી ગ્લવ્ઝ, ગેસ લાઇટર, સેફ્ટી હેલમેટ, મલ્ટી પર્પઝ ટૂલ, ટૂલકીટની ખરીદી ઉંચા ભાવે કરાઈ હોવાથી પાલિકાની લોબીમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. અંતે મ્યુનિસિપલ કમિશનર અરૂણ બાબુ દ્વારા તપાસના આદેશ આપી દેવામાં આવ્યા હતા. પ્રાથમિક અહેવાલ આવતાંની સાથે કસૂરવાર મનાતા તત્કાલીન વિભાગીય વડા તથા મનપાના આરોગ્ય અધિકારી ડો. દેવેશ પટેલ, ફાયર વિભાગના વિવાદાસ્પદ વડા મનોજ પાટીલ તથા ફાયર બ્રિગેડના ડે. ચીફ નૈતીક ભટ્ટને તત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા છે.

### ખાડી કિનારાના ગેરકાયદે દબાણ દૂર કરવા માટેની કામગીરી ઝડપી બની

# સુરત જિલ્લામાં ખાડી કિનારે આવેલા સહજાનંદ વિસ્તારના ૧૮ થી વધુ મિલ્કતોનું ડિમોલીશન

## શરૂઆતમાં ડિમોલીશનનો વિરોધ કરવામાં આવ્યો હતો પરંતુ એક બાદ એક ડિમોલીશન થતાં ગેરકાયદે બાંધકામ કરનારાએ સમર્થન કરતા પાલિકાની કામગીરી સરળ બની

। પ્રતિનિધિ, સુરત, તા.૫ ।

સુરતમાં ખાડી પૂર રોકવા માટે હાઈલેવલ કમિટીની રચના બાદ ખાડી કિનારાના ગેરકાયદે દબાણ દૂર કરવા માટેની કામગીરી ઝડપી બની છે. થોડા દિવસ પહેલાં કોયલી ખાડી કિનારે આવેલા જવાહર નગરના ગેરકાયદે બિલ્ડીંગના ડિમોલીશન બાદ સહજાનંદ વિસ્તારમાં ગેરકાયદે દબાણ દુર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. શરૂઆતમાં ડિમોલીશનનો વિરોધ કરવામાં આવ્યો હતો પરંતુ એક બાદ એક ડિમોલીશન થતાં ગેરકાયદે બાંધકામ કરનારાએ સમર્થન કરતા પાલિકાની કામગીરી સરળ બની છે. સુરતમાં ખાડી પૂર રોકવા માટે હાઈલેવલ કમિટી બન્યા બાદ પાલિકા અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો વચ્ચે સંકલન શક્ય બન્યું છે. આ ઉપરાંત કમિટીના અધ્યક્ષ તરીકે પાલિકા કમિશનર શાલિની અગ્રવાલની નિમણુંક બાદ ખાડી પૂર માટે જવાબદાર ખાડી કિનારાના દબાણ દુર કરવાની કામગીરી સરળ બની છે. આ પહેલાં પાલિકાના વરાછા ઝોને કોયલી ખાડી કિનારે આવેલા જવાહર નગરની ગેરકાયદે મિલ્કતનું ડિમોલીશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આજે ખાડી કિનારે આવેલા સહજાનંદ વિસ્તારમાં ખાડી કિનારેની ગેરકાયદે મિલ્કતનું ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે. પાલિકાના વરાછાએ ઝોન દ્વારા ખાડી કિનારે આવેલા બુટ ભવાની વિસ્તારમાં સહજાનંદ વિસ્તારમાં ખાડી કિનારે ૧૯ જેટલા બિલ્ડીંગ આવ્યા છે આ ગેરકાયદે બિલ્ડીંગ દુર કરવા માટે પાલિકાએ કામગીરી શરૂ કરી હતી તો શરુઆતમાં કેટલાક લોકોએ વિરોધ કર્યો હતો. જોકે, કોર્ટ કેસ ન હોવાથી પાલિકાએ સમજાવટ કરી હોવાથી ડિમોલીશન માટે તૈયાર થયા હતા. જેના કારણે આજે સવારથી જ ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરતમાં ખાડી પૂર રોકવા માટે હાઈલેવલ કમિટીની રચના બાદ ખાડી કિનારાના ગેરકાયદે દબાણ દૂર કરવા માટેની કામગીરી ઝડપી બની છે.

### વીજ કંપની દ્વારા લેવાતી પરીક્ષાઓ પાસ કરનારા ઉમેદવારો પણ નોકરીથી વંચિત

# આઉટસોર્સિંગના કારણે અમારી નોકરીઓ છીનવાઈ રહી છે । એમજીવીસીએલની બહાર ઉમેદવારોના દેખાવો

## રાજ્ય સરકારની તમામ વીજ કંપનીઓમાં ભરતી પ્રક્રિયામાં થઈ રહેલા ધાંધિયાને લઈને ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।



રાજ્ય સરકારની તમામ વીજ કંપનીઓમાં ભરતી પ્રક્રિયામાં થઈ રહેલા ધાંધિયાને લઈને ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારી વીજ કંપનીઓમાં વિવિધ કામગીરીનું આઉટસોર્સિંગ કરીને ભરતી બંધ કરી દેવાની અઘોષિત નીતિ વીજ કંપનીના સત્તાધીશોએ અમલમાં મૂકી છે. જેના કારણે વીજ કંપની દ્વારા લેવાતી પરીક્ષાઓ પાસ કરનારા ઉમેદવારો પણ નોકરીથી વંચિત છે. મળતી વિગતો પ્રમાણે આજે મધ્ય ગુજરાત વીજ કંપનીની સામે ઉમેદવારોએ વીજ કંપનીના રેસકોર્સ સ્થિત હેડ ક્વાર્ટરની બહાર દેખાવો કર્યા હતા. ઉમેદવારોનું કહેવું હતું કે, અમે પહેલાં તો બે વર્ષ આઈટીઆઈમાં કોર્સ કર્યો હતો અને એ પછી વીજ કંપનીમાં એક વર્ષ માટે એપ્રિન્ટસશિપ કરી હતી. એ પછી પરીક્ષાની તૈયારી કરી હતી અને ૬ મહિના પહેલા વિદ્યુત સહાયકો માટે મધ્ય ગુજરાત વીજ કંપનીની પરીક્ષા આપી હતી.૧૫૦૦થી ૨૦૦૦ જેટલા ઉમેદવારો આ પરીક્ષા પાસ કરી ચૂકયા છે પરંતુ હવે વીજ કંપનીના સત્તાધીશો ભરતી કરવાની જગ્યાએ જેમ જેમ જગ્યા થશે તેમ ભરતી કરીશું તેવો જવાબ આપી રહ્યા છે. બીજી તરફ વીજ લાઈનો પરની ટેકનિકલ કામગીરીનું આઉટસોર્સિંગ કર્યું છે અને તેમાં ૧૨૦૦ જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા છે.

### પોલીસ કેસ કરવા માટે પણ કવાયત શરૂ કરવામાં આવી હતી

# સુરત પાલિકાની ડ્રેનેજ લાઈનને નુકશાન પહોંચાડનાર એજન્સીને બે લાખનો દંડ

## સુરત પાલિકાના વરાછા ઝોનમાં સુદામા ચોક ખાતે ખાનગી કોન્ટ્રાકટર દ્વારા કામગીરી દરમિયાન પાલિકાની ડ્રેનેજ લાઇનમાં ભંગાણ પડ્યું હતું

। પ્રતિનિધિ, સુરત, તા.૫ ।




સુરત પાલિકાના વરાછા ઝોનમાં સુદામા ચોક ખાતે ખાનગી કોન્ટ્રાકટર દ્વારા કામગીરી દરમિયાન પાલિકાની ડ્રેનેજ લાઈનમાં ભંગાણ પડ્યું હતું. આ મુખ્ય લાઈન હતી અને તેમાં ભંગાણ પડતા લાઈન બંધ કરવાની ફરજ પડી હતી. પાલિકા લાઈનમાં ભંગાણ બદલ એજન્સીને નોટિસ ફટકારવામાં આવી હતી. ત્યાર બાદ પોલીસ કેસ કરવા માટે પણ કવાયત શરૂ કરવામાં આવી હતી. આ સાથે એજન્સી પાસે પાલિકાને થયેલી નુકસાની બદલ બે લાખ રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

સુરત પાલિકાના કતારગામ ઝોન વિસ્તારમાં મોટા વરાછા વિસ્તારમાં ઓરેજન્સ બીસ્ટ. પ્રા.લિ. દ્વારા એચ.ડી ડી. પધ્ધતિથી કેબલ લાઈનની કામગીરી કરવામાં આવતી હતી. આ કામગીરી દરમિયાન ડિસેમ્બર ૨૦૨૪ માં સુદામા ચોક પાસે, મોટા વરાછા સુએઝ પંપીંગ સ્ટેશનની ચોવીસ કલાક કાર્યરત એવી ૬૦ મોટાવરાછા-અબ્રામા વિસ્તારનું ડ્રેનેજ એકત્રિત કરી ઉત્રાણ સુએઝ પંપીંગ સ્ટેશન કેચમેન્ટ એરીયામાં લેવામાં આવતી મેઈન લાઈન ૦ મી.મી. વ્યાસની રાઈઝીંગ મેઈન લાઈન મહત્વની છે તેમાં ડેમેજ થતાં સુએઝ પમ્પીંગ સ્ટેશન બંધ કરવા માટેની ફરજ પડી હતી. આ લાઈન ડેમેજ થતાં અનેક મુશ્કેલી પડી હતી અને લોકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થયો હતો. લોકોના આરોગ્યની જાળવણી માટે પાલિકાએ આ મેઈન લાઈનની કામગીરી તાત્કાલિક પૂરી કરી પૂર્વવત કરી દેવામાં આવી હતી. એજન્સીએ બે લાખ રૂપિયાનો દંડ પાલિકામાં જમા કરાવ્યો હતો.

### પ્લાસ્ટિક કચરો કોર્પોરેશનના પ્લાસ્ટિકના રિસાયકલ પ્લાન્ટમાં દાણા બનાવવા માટે મોકલી દેવાયો

# વડોદરા દશામા મૂર્તિઓના વિસર્જન બાદ કૃત્રિમ તળાવો ખાતેથી ૨૦ ટન ઓર્ગેનિક કચરો એકત્રિત કર્યો

## ઓર્ગેનિક કચરામાં ફુલ, પાન, નાળિયેર, કેળના પાન વગેરેનો સમાવેશ થાય । આમાંથી આશરે સાત ટન કચરો સેન્દ્રીય ખાતર બનાવવા માટે મોકલી દેવાયો




। પ્રતિનિધિ, વડોદરા, તા,૫ ।

વડોદરામાં કોર્પોરેશન દ્વારા દશામાની મૂર્તિઓના વિસર્જન માટે બનાવેલા કૃ ત્રિમ તળાવમાંથી આશરે ૨૦ ટન ઓર્ગેનિક કચરો એકત્રિત કર્યો હતો. આ ઓર્ગેનિક કચરામાં ફુલ, પાન, નાળિયેર, કેળના પાન વગેરેનો સમાવેશ થાય છે. આમાંથી આશરે સાત ટન કચરો સેન્દ્રીય ખાતર બનાવવા માટે મોકલી દેવાયો હતો. બાકીનો કચરો બાયોગેસ પ્લાન્ટમાં રવાના કર્યો હતો. સાત ટન કચરામાંથી આશરે ૭૦૦ કિલો સેન્દ્રીય ખાતર તૈયાર થશે. આ ખાતર બનતા ૧૫ દિવસ લાગે છે.યુસીડીની મહિલાઓ દ્વારા ઓર્ગેનિક કચરામાંથી ખાતર બનાવવાનું જે કામ કરવામાં આવે છે, ત્યાં આ કચરો મોકલાયો હતો. આ ઉપરાંત આશરે ૫૦૦ કિલો પ્લાસ્ટિકનો કચરો એકત્રિત કરાયો હતો. જેમાં પ્લાસ્ટિકની થેલીઓ અને પાણીની બોટલોનો સમાવેશ થતો હતો. પ્લાસ્ટિક કચરો કોર્પોરેશનના પ્લાસ્ટિકના રિસાયકલ પ્લાન્ટમાં દાણા બનાવવા માટે મોકલી દેવાયો હતો. દશામાની મૂર્તિ વિસર્જન કરવા પ ાલિકા દ્વારા પહેલીવાર શહેરમા કૂલ-૬ સ્થળોએ કૃત્રિમ તળાવ અને ૨ સ્થળોએ કુદરતી તળાવ સાથે કુલ ૮ જગ્યાઓએ વ્યવસ્થા રાખી હતી. જેમાં કુલ ૧૬૩૮૦ મૂર્તિઓ વિસર્જિત કરવામાં આવી હતી. તળાવમાં માતાજીની જે મૂર્તિઓ છે તેની સફાઈ પાંચ છ દિવસ બાદ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. કોર્પોરેશન દ્વારા હરણી, કિશનવાડી, તરસાલી, મકરપુરા, માંજલપુર, ભાયલી અને બિલ ખાતે કૃત્રિમ તળાવ બનાવ્યા હતા. વડોદરામાં કોર્પોરેશન દ્વારા દશામાની મૂર્તિઓના વિસર્જન માટે બનાવેલા કૃ ત્રિમ તળાવમાંથી આશરે ૨૦ ટન ઓર્ગેનિક કચરો એકત્રિત કર્યો હતો. આ ઓર્ગેનિક કચરામાં ફુલ, પાન, નાળિયેર, કેળના પાન વગેરેનો સમાવેશ થાય છે. આમાંથી આશરે સાત ટન કચરો સેન્દ્રીય ખાતર બનાવવા માટે મોકલી દેવાયો હતો. બાકીનો કચરો બાયોગેસ પ્લાન્ટમાં રવાના કર્યો હતો. સાત ટન કચરામાંથી આશરે ૭૦૦ કિલો સેન્દ્રીય ખાતર તૈયાર થશે. આ ખાતર બનતા ૧૫ દિવસ લાગે છે.યુસીડીની મહિલાઓ દ્વારા ઓર્ગેનિક કચરામાંથી ખાતર બનાવવાનું જે કામ કરવામાં આવે છે.

# પડતર માંગણીઓને લઈને રેલી સ્વરૂપે ગાંધીનગર પહોંચ્યા માજી સૈનિકો । પોલીસે અટકાવ્યા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૫ ।



ગાંધીનગરમાં પડતર માંગોને લઈને ચાલી રહેલું માજી સૈનિકોનું આંદોલન ઉગ્ર બન્યું હતું. એક અઠવાડિયાથી વધુ સમયથી ચાલતા આ આંદોલનમાં માજી સૈનિકોએ મંગળવારે (૫ ઓગસ્ટ) રેલી કાઢી વિધાનસભા ચરફ કૂચ કરી હતી. પરંતુ, પોલીસ દ્વારા તેમને બસ સ્ટેશન પાસે જ અટકાવી દેવાયા હતા. નોંધનીય છે કે, માજી સૈનિકો લાંબા સમયથી સરકારી ભરતીમાં અનામત બેઠક સહિતની વિવિધ પડતર માંગણીઓને લઈને લડત ચલાવી રહ્યા છે. તેમનો મુદ્દો હતો કે, તેમના માટે અનામત રાખવામાં આવેલી બેઠકો કોઈ અન્ય કેટેગરીમાં ફાળવવામાં ન આવે. આ વિશે તેમણે અનેકવાર સરકારમાં રજૂઆત કરી પરંતુ, કોઈ નક્કર ઉકેલ ન મળતા અંતે આંદોલનનો રસ્તો અપનાવ્યો છે. મંગળવારે (૫ ઓગસ્ટ) વહેલી સવારથી માજી સૈનિકોએ વિધાનસભા તરફ પોતાની માંગો સાથે કૂચ કરી હતી. જોકે, આ આંદોલનને લઈને પરિસ્થિત કાબૂમાં રહે તે માટે પોલીસે અગાઉથી જ બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને ગાંધીનગર બસ સ્ટેશનથી જ તેમને અટકાવી દેવાયા હતા.

# ભરૂચમાં ખેતરમાં ઝટકા મશીનનો કરંટ લાગતા જીઆરડી જવાન સહિત બેના મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

ભરૂચના ગુંદિયા ગામની ઘટના ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં એક કરૂણ ઘટના બની છે, જેમાં ખેતરમાં મૂકવામાં આવેલા ઈલેક્ટ્રિક ઝટકા મશીનનો કરંટ લાગતા બે લોકોના મોત થયા છે. મૃતકોમાં એક યુવક અને એક યુવતીનો સમાવેશ થાય છે. પોલીસે હાલ બંનેના મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરી છે. ભરૂચના વાલિયાના ગુંદિયા ગામમાં વીજ કરંટના કારણે બે લોકોના મોત નિપજ્યા છે. જવાનો સહિત બંનેના પરિવારોમાં શોકનો માહોલ છવાયો છે.

### પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ

# ધંધુકા શહેરમાં સ્કૂલ આચાર્યએ વિદ્યાર્થીને ઢોર માર મારતા હોબાળો । કિશોરને હોસ્પિટલ લઈ જવો પડ્યો

। પ્રતિનિધિ, ધંધુકા, તા.૫ ।



અમદાવાદ જિલ્લામાં ધંધુકાની ડી.એ. વિદ્યા મંદિર સ્કૂલના આચાર્યે એક વિદ્યાર્થીને ઢોર માર માર્યાની ઘટના સામે આવી છે. આ મામલે વિદ્યાર્થીના પરિવારે સ્કૂલના આચાર્ય વિનોદ લાખાણી સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. મળતી માહિતી અનુસાર, ધંધુકાની ડી.એ. વિદ્યામંદિરમાં ધોરણ ૧૧ના વિદ્યાર્થી વિજય ચોરસિયા અને અન્ય વિદ્યાર્થી દ્વારા ક્લાસ રૂમમાં મહિલા શિક્ષિકાના નામનું ઉચ્ચારણ કરાયું હતું. આ અંગે મહિલા શિક્ષકે શાળાના આચાર્ય વિનોદ લાખાણીને શિસ્તભંગની ફરિયાદ કરી હતી. આ ઘટના પછી આચાર્યએ બંને વિદ્યાર્થીને સ્ટાફ રૂમમાં સખત માર માર્યો હતો. એટલું જ નહીં, ત્યારબાદ આચાર્યે ક્લાસ રૂમમાં પણ બે વિદ્યાર્થીને ઢોર માર માર્યો હતો. આ કારણસર વિજય ચોરસિયા નામના વિદ્યાર્થીને તો હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. આ અંગે પીડિત વિદ્યાર્થી વિજય ચોરસિયાના માતા તારાબેન ચોરસિયાએ જણાવ્યું કે, 'મારો દીકરો એક અઠવાડિયા બાદ સ્કૂલ ગયો હતો. છેલ્લા એક અઠવાડિયાથી તેને તાવ હોવાથી દવા પણ ચાલુ હતી. એ જ દિવસે એટલે કે સ્કૂલમાં પ હેલા જ દિવસે આચાર્યે તેને ઢોર માર માર્યો હતો.

### લોન ફ્રોડમાં ફસી હતી ભાડ ગામની યુવતી

# અમરેલીમાં ૨૮ લાખ ભરવાનું દબાણ કરતા યુવતીએ કરી હતી આત્મહત્યા

। પ્રતિનિધિ, અમરેલી,તા.૫ ।

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ભાડ ગામમાં એક મહિના પહેલાં યુવતીના આત્મહત્યા કેસે હવે નવો વળાંક લીધો છે. ૨૮ લાખ રૂપિયાના દેવાને કારણે આત્મહત્યા કરનાર યુવતીના સુસાઈડ નોટના આધારે પોલીસે તપાસ શરૂ કરી, જેમાં એક મોટું લોન ફ્રોડ રેકેટ સામે આવ્યું છે. આ કેસમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનના બે આરોપ ીઓની ધરપકડ કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ભાડ ગામમાં ભૂમિકા હરેશભાઈ સોરઠીયા નામની ૨૫ વર્ષીય યુવતી, જે ખાનગી ફાઈનાન્સ બેંકમાં કામ કરતી હતી, તેણે અનાજની ટીકડીઓ ખાઈને આત્મહત્યા કરી હતી.ગંભીર હાલતમાં તેને ખાંભા ગવર્નમેન્ટ હોસ્પિટલ અને પછી રાજુલા હોસ્પિટલ ખસેડવામાં આવી, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું. ઘટનાસ્થળેથી મળેલી સુસાઈડ નોટમાં ભૂમિકાએ ૨૮ લાખ રૂપિયાના દેવાનો ઉલ્લેખ કર્યો હતો.

લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt



પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya